ભરજો વીરા સહુ ડાર !
મુજ ભરતભૂમિનો જગમાં
વરતાવો જય જયકાર ! ૩

—ખબરદાર.

૧૧. હિન્દ કીર્ત્તન

ઉષઃકાલ સમ ઉજ્જવલમંગલ
ઉષાખંડધર એકજ હિન્દ !

હિમગંગાધર, અરૂણતરૂણ
રસ ગૌરવગૌર તપેશ્વર હિન્દ !

હિન્દ અહા આત્મજ્યોતીન્દ્ર તું !
પ્રતાપ રશ્મિ તુંજ રવીન્દ્ર !

પ્રચંડ જ્વાલા ઉગ્ર ઝળહળે–
રોમ રોમઃ પ્રિય સ્વદેશ હિન્દ !

સતીશ સમ ભવ્ય મહા નાયક
સ્વરૂપ મસ્ત પરમાત્મ પ્રફુલ્લ !

તુજસમ સંસારે જોગી ગણુ–
તેત્રીશકોટિ તું પર ફૂલ !

હિન્દી મહારાષ્ટ્રીય સમાજે
ભક્ત સપૂત તુજ ભગવે ભેખ–

પ્રભુ રાજ્યનો પ્રોજ્જ્વલ ઝુંડો–
ધરી ઝૂઝે જગ જોદ્ધ સુરેખ.

પૃથ્વીના પાર્થિવ ઇન્દુ તું
પુરી ઘૂમશે પૂર્ણ કલાપ,

મુક્ત ચારૂ ચન્દની ને ચન્દન
જગના હરશે કંઈ સંતાપ !

દેશદેશના સ્વરાજ્યસ્વર્ગે
લોકહિતનો બનશે ઇન્દ્ર !

જગના જન રાજ્યે તું રક્ષક
પ્રભુ પયગામે રહેશે હિન્દ !

—લલિત.

૧૨. એક દિન એવો આવશે

એક દિન એવો આવશે
જ્યારે અમીઝરણાં ઝરંતા પૃથ્વીનેય પલાળશે,
એક દિન એવો આવશે.

[1]કળિકાળમાં પણ વીર એવા આર્યભૂમિમાં પાકશે,
નિજવીર્યથી ભૂમિભક્તિથી આ સૃષ્ટિનેય ધ્રુજાવશે. એક૦

રામ, અર્જુન, ભીષ્મ જેવા કર્ણ, સંગ પ્રતાપ ને,
હમ્મિરાજ, યોગીરાજ, ગુર્જરરાજનેય ભુલાવશે. એક૦

શિબિરાજ, ભગિરથરાજ સમ પરમાર્થજીવન ગાળશે,
મેવાડના ભડ ભીષ્મ ચંદ્રારાજને વિસરાવશે. એક૦

[2]પરબ્રહ્મનિષ્ઠ વસિષ્ઠ વિશ્વામિત્ર ઋષિના પાદને,
પ્રેમે નમી નિઃસ્વાર્થ નેતા આર્યદેશ ઉદ્ધારશે. એક૦

આત્મબળ પામી બધા આ પુત્ર ભારતવર્ષના,
નિર્ભય તણી મૂર્તિ બની સૌ સ્વાર્થને તુચ્છકારશે. એક૦

આ દેહ કાચો [3]કુંભ આત્મા [4]નિત્ય દિવ્ય પ્રકાશશે,
દૃઢ સત્યપર એ શત્રુના સંગ્રામમાં સૌ ચાલશે. એક૦

---

૧ કળીયુગ, ૨ પ્રભુ ચિન્તવનમાં લીન, ૩ ઘડો, ૪ અમર,

આ દુ:ખ ને ભૂખના પડે પોકાર ચારે દિશથી,
ત્યાંથીય મંગળ ગીતના ધ્વનિ મંદ મધુરા ચાલશે. એક૦

મરુ[5] દેશના જેવી ઉજડ ભૂમિ સર્વ ભારતવર્ષની,
ફળ ફૂલથી લચી સુંદરી સમ એકલી અહીં મ્હાલશે. એક૦

અહીંથી મહાવીર મ્હારથી ટંકાર કરતા શસ્ત્રના,
પરદેશમાં જઈ [6]રાજ્યના શુદ્ધ ધર્મને શીખવાડશે. એક૦

પૂર્વે થયા ન્હોતા વળી સ્વપ્ને ન [7]તર્ક્યા વીર તે,
આ પૃથ્વીને કરી સ્વર્ગ સર્વે દેવનેય ઉતારશે. એક૦

—મગનભાઈ પટેલ.

---

૧૩. જન્મભૂમિનું જય મંગળ

જય મંગળ પ્રિય જન્મભૂમિનું ગજાવીએ:—
ભગીરથ સમ વિરલ વીર, ભારતી સુભટ સુધીર,
ઉર સમુદ્રને હિમાલયે ઉછાળીએ— જય૦

જનની અંક ઝુલીએ, ઝનુની રંગ ઝીલીએ,
આત્મબળ ઉજાશથી બધું ઉજાળીએ— જય૦

---

૫ મારવાડ, ૬ રાજાઓના, ૭ કલ્પ્યા.

સત્ય અર્થ સમજ થાઓ, વિજય વાવટો ઉડાવો,
વીર ધર્મથી ધરા સદા ધ્રુજાવીએ— જય૦

સત્યથી સચવાય [1]સ્વત્વ, સમજીએ થઈ પ્રવૃત્ત,
ધુમીએ ઝઝુમી જંગ તો મચાવીએ— જય૦

ભૂતળ ફોડી ફેડીએ, ઉંડી જડો ઉખેડીએ,
દોર ને દમામ દેશનો જમાવીએ— જય૦

સ્થિતિસમય સ્વીકારીએ, પ્રવૃત્તિયજ્ઞ યોજીએ,
જાતને સ્વદેશ કાજ કાં ન હોમીએ— જય૦

માત દીન દુભાય છે, સપુત ! પીડા પિછાનીએ,
દુધ દિપાવીએ, ઉમંગને વધાવીએ— જય૦

દેશસેવના સ્વધર્મ, અન્ય ન કર્ત્તવ્ય કર્મ,
આત્મભાવથી બધું પ્રભુમય પિછાનીએ— જય૦

—લલિત.

---

1 સ્વમાન.

૧૪. અમારો દેશ

અમે ભરત ભુમિના પુત્રો !
અમ માત પુરાણુ પવિત્ર,
રે જેના સુંદર સુત્રો
ઝળકાવે ઉચ્ચ ચરિત્ર;
અમ અંતરને ઉદ્દેશી
કરશું હોકાર હમેશ;
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ* ! ૧

અંધાર વિષે અથડાતો,
કે ફરતાં ભવ્ય પ્રકાશ,
પડતાં રડતાં રગડાતાં
કે કરતાં હાસ્ય વિલાસ;
પળપળ અમ [1]ઉરનિધિએ શી
હા ઉછળો ઉર્મિ [2]અશેષ !
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ ! ૨

---

* 'અમે હિન્દી, હિન્દી, હિન્દી ! છે હિન્દ અમારો દેશ !' એમ પણ ગવાય છે.

૧ હ્રદયસાગર; ૨ અખંડ;

કયાં હશે હિમાલય જેવો ?
        કયાં પુણ્ય પવિત્ર જ [3] ગંગ ?
કયાં મળે અલૌકિક એવા
        સહુ દેશ તણા બહુ રંગ !
કયાં મુનિ ઇશ્વરજન બેશી
        કરતા પ્રભુ પંથ ઉજેશ ?—
અમે દેશી, દેશી, દેશી !
        આ દિવ્ય અમારો દેશ ! 3

કયાં રામ યુધિષ્ઠિર ઘુમ્યા ?
        કયાં ગર્જ્યા અર્જુન ભીમ ?
કયાં રજપુતવીર ઝઝુમ્યા ?
        બલ દાખવવા અસીમ !
રે ભૂલીયે તે રીતે શી,
        અમ અંતરથી લવલેશ ?—
અમે દેશી, દેશી, દેશી !
        આ દિવ્ય અમારો દેશ ! ૪

નથી રે જીવવું [4] પર આશે,
        છે પારકી આશ નિરાશ;
નથી કર ધરવો કો પાસે,
        સ્વાશ્રયનો છે ઉલ્લાસ;

3 ગંગા; ૪ પારકી.

કંઈ પુણ્ય પ્રભાત પ્રવેશી,
  અહીં દે અમને ઉપદેશઃ—
અમે દેશી, દેશી, દેશી !
  ઓ દિવ્ય અમારો દેશ ! ૫

ધમ ધમ ધરણી ધ્રુજાવીશું,
  અમ દેશ તણાં કરી ગાન;
જય જય જયનાદ કરીશું,
  દઈશું મોંઘા અમ પ્રાણ !—
એ ભક્તિ વસી ઉર, તે શી
  દેજો શક્તિ પરમેશ !
અમે દેશી, દેશી, દેશી !
  ઓ દિવ્ય અમારો દેશ ! ૬

—ખબરદાર.

૧૪. જનની સેવન

જનની સેવનનો મધુમધુરો[1] અવસર ક્યાં મળેરે,
અવસર ક્યાં મળેરે, જગજીત્યું ફળેરે.
જનની૦

નવનિધ લાડે નિશદિન ઝુલવે,
ઉરહીર[2] પાતી હૈયે હુલવે,
અલ્પ સાટું પણ અમિત[3] ભારનું ક્યાં વળેરે;
જનની૦

પ્રભુપુર ગૌરવ વદને મલકે,
મંજુલ મોહક અન્તર ઝલકે,
નવનવ સાજે[4] શીખ[5] દે સાને[6] પળ પળેરે;
જનની૦

ઉત્તમ શોણિત[7] જનની કાજે,
રેલાયે શું વધુ કે'વાશે,
કિસ્મત ક્યાંથી ભારતિ હિત કાયા ઢળેરે!
જનની૦

—વસંતવિનોદી.

---

૧ મધ જેવો મધુર, ૨ હૃદયનું, સત્વ-દૂધ. ૩ અસાધારણ, ૪ સાજ સજી, ૫ શીખામણ, ૬ સાનવડે, ૭ લોહી.

૧૬. સ્વદેશભક્તિ

સ્વદેશની ભક્તિ રે, કે કોઈ વિરલા જાણે.
સ્વતંત્રતાના રસની રે,
લ્હેજત કોઈ પરમાણે........ટેક.

*　*　*　*

ત્રણે પદાર્થ છે દેશભક્તિમાં,
ધર્મ અર્થ વળી કામ;
સ્વદેશભક્તને દેશની પ્રીતિ,—
મોક્ષ એ, સુખ કેરૂં ધામ;
કે રૂચે નહિ બીજું રે,
મસ્ત એ દેશ અભિમાને......સ્વદેશની૦

માટે સ્વદેશીઓ બંધુ મારા,
ધરી અંતર આ ઉપદેશ,
ભરતભૂમિ પામી ઉદય દિનોદિન,
ઉજળી રહે હમેશ;
કે એમ કરો ઉદ્યમ રે,
ચુકો ન ચોટ નિશાને......સ્વદેશની૦

—સ્વ. હરિલાલ ધ્રુવ.

---

૧૭. ભારતભૂમિનું જયકીર્ત્તન

મળી ભારત સંતાન, એકતાન મન પ્રાણ
ગાઓ ભારતનાં યશોગાન;
ભારતભૂમિ તુલ્ય નહિં કોઇ સ્થાન,
નહિં અદ્રિ[1] હિમાદ્રિ સમાન;
ફલવતી વસુમતી, સ્રોતસ્વતી પુણ્યવતી,
શતખંડ રત્નનું નિધાન;
થાઓ ભારતનો જય !
જય ભારતનો જય !
ગાઓ ભારતનો જય !
શું ભય ? શું ભય ?
ગાઓ ભારતનો જય.

વિર્યયોનિ આ ભૂમિ વીરની જનની,
વ્યાપી રહી [2]અજ્ઞાનરજની,
સુગભીર એ તિમિર[3] કદિ નહિ રહે ચિર,
દેખા દેશે દીપ્ત દિનમણી.—થાઓ.

રામભૂમિ,[4] કર્ણાટક, કુર્ગ, મધ્યપ્રાન્ત,
માલવ, સિન્ધ, [5]પંચનદીધામ;

---

૧ પહાડ, ૨ અજ્ઞાનરૂપી રાત્રિ, ૩ અંધકાર, ૪ અયોધ્યા, ૫ પંજાબ,

અંગ, બંગ,[૬] ગુર્જરરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર,
 બ્રહ્મદેશ ને રાજપુત્રસ્થાન. —થાઓ.

હિન્દુ જૈન, શિખ, બૌદ્ધ ખ્રિસ્તિ, મુસલમાન,
 પારસીક, યાહુદી ને બ્રાહ્મ;
ભારતના સહુ પુત્ર, થઇ પરસ્પર મિત્ર,
 ધારી ચિત્ત ગણુના સમાન —થાઓ.

હિન્દભૂમિ દુ:ખ પૂર્ણ, દારિદ્રય વિસ્તાર,
 સંપતીર્થ કરી વારંવાર;
ઉઠી ઉઠી રે ઉત્સાહે માગી માગી પ્રભુ સાહે,
 ધરી હસ્ત કરો રે ઉદ્ધાર. —થાઓ.

કેમ ડરો ભીરૂ! કરો સાહસ આશ્રય,
 यतो धर्मस्ततो जयः
છિન્નભિન્ન હીનબલ[૭] ઐકયથી પામશું બલ;
 માતામુખ ઉજ્જવલ કર્યેથી શું ભય ?—થાઓ.

—સ્વ. કૃષ્ણરાવ ભોળાનાથ.

---

૬ મદ્રાસ, ૭ નિર્બળ.

૧૮. કોની કોની છે ગુજરાત ?

કોની કોની છે ગુજરાત ?
પૂર્વજ જેના જે વળી આજે જન્મથકી ગુજરાતી વધા;[1]
કોઇ રીતની તોપણ ને વળી આર્ય ધર્મને રાખી રહ્યા.
તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત;
તેની તેની છે ગુજરાત.

વળી પરદેશી બીજા જેને ભૂમિયે પાળી મોટા કર્યા;
પરધર્મી પણ હિત ઇચ્છનારા માતતાઉં તે ભાઇ કર્યા.
તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત;
તેની તેની છે ગુજરાત.

નર્મદ કે' ગુજરાતી ભાઇયો, માતને અર્થે સંપ ધરે;
અંતે બંધન તોડી રણે સઉ ઝૂઝી જયસુખ જમે ભરે.
પ્રેમ શૌર્યને કરી પ્રખ્યાત,
તે તે સઉની છે ગુજરાત;
તે તે સઉની છે ગુજરાત.

—કવિ નર્મદ.

---

૧ ઓસે છે.

૧૯. ભારતભૂમિનું જયગીત

ભારતભૂમિના શૂર પુત્ર તે રહ્યા અમે શું રડી રડી
રહ્યા અમે શું રડી રડી
ઝળહળતા ઉછળે બીજા ત્યાં રહ્યા અમે શું પડી પડી

શું ગયા રામ ને કૃષ્ણ અમારા વીરા
ભીમાર્જુન આદિ ગયા શું પાંડવ ધીરા
શું ગયા દ્રોણ ને કર્ણ ભીષ્મ ભડ [1]ગાજી
પૃથુ જયમલ સિદ્ધ પ્રતાપ અને શિવાજી
એ સહુ વીરોએ વરસાવી જ્યાં શૌર્યતણી ખુમ ઝડી ઝડી
શૌર્યતણી ખુમ ઝડી ઝડી
—ભારતભૂમિના.

ક્યાં ગંગા જમુના વળી બ્રહ્મપુત્રા તે
ક્યાં સિંધુ તાપી નર્મદા સાબ્રમતી ક્યાં તે
ક્યાં કૃષ્ણા ગોદાવરી અને કાવેરી
ક્યાં મહા નદી ને મહી વીરલી ઘણેરી
એ સર્વ નદીનું પૂર ઉછળતું ગયું હવે શું ચડી ચડી
ગયું હવે શું ચડી ચડી
—ભારતભૂમિના.

---

૧ ગજન ગર્જનારઃ

ક્યાં ગયું [2]બ્રહ્મનું તેજ, શૌર્ય ક્ષત્રીનું
ક્યાં ગઈ વૈશ્યની વૃત્તિ, થયું સૌ હીણું
શું ગયા શૂર રજપૂત, ધરા ધ્રુજાવી
શું ગયા મરાઠા વીર આણ વરતાવી
એ સહુની હવે શું કથી કથીને વાતજ કરશું બડી બડી
વાતજ કરશું બડી બડી
—ભરતતભૂમિના.

શી યુરોપ કેરી ધ્વજા આજ ફરકાવે
શી વૃદ્ધિ કરી છે આજ અમેરિકાએ
જાપાન મચ્યું શું આજ ધરા કંપાવી
જગ જોઇ રહ્યું છે શૌર્ય, કુતુક દર્શાવી
ઓ અમે ત્યારે શું સુતા થાકી ખુબ પરસ્પર લડી લડી
ખુબ પરસ્પર લડી લડી
—ભરતભૂમિના.

શું હૃદય થયાં છે આજ શૂન્ય કંઇ એવાં
લાગે ન [4]કટુ વચનબાણ, વજ્રનાં જેવાં
શું ગયું હશે ચૈતન્ય, જડત્વ સમાયું
શું દેશભક્તિનું પ્રેમઝરણ સૂકાયું
રે વીર બંધુઓ એ દીન[5]શબ્દો સુણીશું ક્યાંસુધી ઘડી ઘડી
સુણીશું ક્યાંસુધી ઘડી ઘડી
—ભરતભૂમિના.

---

૨ બ્રાહ્મણ; ૩ કૌતુક-કુતૂહળ; ૪ કડવાં ઝેર જેવાં; ૫ હીણા;

શું પડીશું નહિ મેદાન, શૌર્યથી ઘૂમવા
શત્રુને નાંખવા હેઠ, પાદરજ[6] ચૂમવા
કેશરિયાં[7] ધરીને અંગ ઉમંગ ઉમળકે
શું ઘુમીશું નહિ રણમાંય રૂધિર ઉછળકે

શું બુઠ્ઠી થઇ તલવાર અમારી, ફરી ન થાશે ખડી ખડી
ફરી ન થાશે ખડી ખડી
—ભરતભૂમિના.

અમ હૃદય શૌર્યઅંગાર[8] નથી હોલાયો
સમયે દાવાનળ સમો ઉલટશે ચાલ્યો
ભારતની ધજાની હેઠ અમે ઘૂમીશું
જયજયજયજય જયકાર રણે જ કરીશું

એ આશા અમારી જયગીતે ને જયડંકાએ જડી જડી
જયડંકાએ જડી જડી
—ભરતભૂમિના.

—ખબરદાર.

---

૬ પગ પરની ધૂળ ચાટવા; ૭ કેસુડામાંબોળેલાં વસ્ત્ર;
૮ શૌર્યનો અંગારો.

૨૦. ગુજરાતનો યજ્ઞકુંડ*

દુઃખમાં શૂરા રે, ઓ ગુજરાતી વીરા !
આવો, પૂરા રે, ખમવા દુઃખના ચીરા !

કડકડ ફૂટે કોડ કડાકા, પર્વત ફૂંકે ફાટે;
ઝગઝગ જ્વાળા વ્યોમ જળાવેઃ ઉભા રહો દૃઢ ઘાટે !
દુઃખમાં શૂરા રે ! ૧

નથી પડતું યાહોમ કરીને આજે [1]અંધશૂરાનું;
નથી અબળને દમવુંઃ આ છે જડચેતનનું લ્હાણું !
દુઃખમાં શૂરા રે ! ૨

સત્ય જ પ્રભુના પ્રાણ અમારા, સત્ય જ અંગ અમારાં;
સત્ય જ રક્ત વહે અમ નસમાં, સત્ય જ વ્રત અમ ન્યારાં !
દુઃખમાં શૂરા રે ! ૩

માયા સૌ ઘરબાર તણી ને સુખની ડોળી દફની;
આત્મશૌર્યનાં શ્વેત સજ્યાં પટ, ના કાયરની કફની:
દુઃખમાં શૂરા રે ! ૪

પાય પડયા, વિનવ્યા કંઇ કંઈ, શું હૃદયહીણને રટવું ?
હવે પડયા રગડાવા રણ ત્યાં ના હટવું, ના હડવું !
દુઃખમાં શૂરા રે ! ૫

---

૧ શૂરવીર પણ અંધ.

ભારતદુઃખ શિરે અમ લેતાં, હૈયાં કેમ ન ફૂલે!
ઓ ભારત! નિધિ[2] પાર ઉતરજો અમ શબ્દગને પૂલે!
દુઃખમાં શૂરા રે! ૬

વાટે ઘાટે છાતી ફાટે, થાય સ્મશાની દુનિયા;
નવલખ આંખે વ્યોમ[3] રુવે પણ, પાછું જુએ ન મરણિયા!
દુઃખમાં શૂરા રે! ૭

એજ અલખની ધૂન અમારી, મૂગે મુખ દુઃખ રહેવું:
બેડીની જડ જડતાં અરિ પણ આખર રોશે એવું:
દુઃખમાં શૂરા રે! ૮

કીર્ત્તિ અમોલી ભારત કેરી આજ અમારે હાથે:
ઓ વીરા! જગને ઝૂલવી આ ગરવી ગુજરાતે!
દુઃખમાં શૂરા રે! ૯

ધર્મક્ષેત્ર એ, કર્મક્ષેત્ર એ, એ રણક્ષેત્ર અનેરૂં!
જયજય કોને ભાગ્ય અદલ એ પુણ્ય જ ભારતકેરૂં!

દુઃખમાં શૂરા રે, ઓ ગુજરાતી વીરા!
ગાજો પૂરા રે સહુ પ્રેમરસધીરા! ૧૦

—ખબરદાર.

---

૨ સમૂહ—બેડા, ૩ આકાશ.

૨૧. ઓ હિન્દ !

ઝૂરી ઝૂરી હવે ક્યાં સૂધી જોવું !
ઓ હિન્દ ! ત્હારૂં અહિં દુઃખ શું રોવું ! ઝૂરી.

કળિમાં ખવાઈ તું શૂરવીર જાગી,
ઝર્પે જખમ તેમાં તું આ તણાઈ ! ઝૂરી. ૧

ઉંચ કુલિન ત્હારૂં નૂર અમીરી,
રે શું ધર્યો હવે હાલ ફકીરી ! ઝૂરી. ૨

સમણે તું હાથ રે મૂકી શું ઝૂરે !
હાલ આ ત્હારો હૃદય મુજ [1]ચૂરે ! ઝૂરી. ૩

દુઃખનું છવાયું છે વાદળ માથે,
રે કોણ હાથ ધરી રહે સાથે ! ઝૂરી. ૪

કોણ ઉદ્ધારે રે કોણ ઉગારે !
આ દુઃખસાગરથી કોણ તારે ! ઝૂરી. ૫

આજ શૃંગાર સૌ તુજથી વછૂટ્યો,
પૂર્ણ વૈરાગ્ય નિરાશે શું [2]ચૂંટ્યો ! ઝૂરી. ૬

---

૧ ચૂરેચૂરા કરી નાંખે, ૨ પસંદ કર્યો,

રસ આડે ત્હારા ગયા કહિં ઉડી ?
સર્વ છમી કરૂણા મહિં બુડી ! ઝૂરી. ૭

બહુ બહુ રે રહી રાત અંધારી !
ઓ ઇશ ક્યાં છે અરૂણની બારી ? ઝૂરી. ૮

અદલ પ્રભુ આ સમાધી[3] મૂકાવો !
કે મુજ હિન્દ લે શુભ દિન લ્હાવો ! ઝૂરી. ૯

—ખબરદાર.

૨૨. ભારતમાતા અને તેના કવિઓ

કોણ કટાક્ષવચન કવિને અહિં આજ કહે છે એવાં ?
ભારતના કવિ મુઆ નથી, હા ! આંખ ઝરે છે [1]નેવાં:
ભડકા ભડભડે હો !–(ધ્રુવ)

તનતમ્બૂરતણા તારો તો રહે સદા ઝણઝણાતા;
પણ અંગુલિએ બાંધ્યા પાટા, હાથ રહ્યા પછડાતાઃ
ભડકા ભડભડે હો ! ૧

હોત ન વાણી કંઇ રુંધાતી, સુખતર[2] હોત ઘડી, તો
ગગનપાર ફેંકી જ ગજવતાં ગાત માતનાં ગીતો !
ભડકા ભડભડે હો ! ૨

---

૩ અવનતિની સમાધી, ૧ અંગારા, ૨ વધારે સુખદ,

જુઆળ જેવી દિનદિન ભરભર આવે ભરતી ઉરમાં;
પર્વત જેવા તરંગ ઉછળી ત્યાં જ શમે [3]અંકુરમાં:
ભડકા ભડભડે હો ! 3

હા ! અમ ભારતમાત ! હજી શું ડરે જુગોજુગ પડવું ?
તુજ તે હીનદશા સ્મરતાં શું મુંગપણે રહ્યું રડવું ?
ભડકા ભડભડે હો ? ૪

તુજને ચ્હાતાં ફિતુર ગણાવું, તુજને સ્હાતાં[4] પાપી ?
કાપી જીભ ગળે ખુંચાવી: દુર્ગત જતી ન માપી:
ભડકા ભડભડે હો ! ૫

હાય, હતું ભારતના કવિનું જીવન એવું ખારૂં ?
માતૃગાન સાટે મૃત્યુ જ કે જીવનભર અંધારૂં ?
ભડકા ભડભડે હો ! ૬

ભડકે બોલ્યા શબ્દ ઝઝળતા ખુંચતા કંઠે કારી;
રસ ના વીર વહાવી શકે એ રસના[5] જળો અમારી:
ભડકા ભડભડે હો ! ૭

× × × ×

ભારતમાત ! હવે જો ઉર આ વીરરસે ઉભરાતુ !
અમ રસનાના નવચમકારા જગત ભરી રેલાતું !
ભડકા ભડભડે હો ! ૮

---

3 પેદા થયા ત્યાંજ, ૪ પડખે રહેતા, ૫ જીભ.

તૂટો કવિ–ઉર ધૂનભર્યાં કે આ તમ્બૂર જ ફૂટો !
તુંહિં–તુંહિં–તુંહિં–તુંહિં ભારતમાતા એ જ એક સુર ઊઠો !
ભડકા ભડભડે હો ! ૯

—ખબરદાર.

૨૩. ભરતવીર ગર્જના

શું ભરૂં આભસું બાથ ?
શું કરૂં વજ્ર સંતાપ ?
કે ઉદધિ[1] ઉંડો ડો'ળું ?
કે ગગનતારલા તોડું ?
કે કરી ચરણ આઘાત પૃથ્વીના પર્વત સઘળા ફોડું,
જે થકી દેશી–મુજ દેશી તણી દૃઢ સ્વાર્થ શૃંખલા[2] તોડું.

મુજ રક્ત ઉછળે ક્રોધે,
ને અગ્નિ ભભુકે નેત્રે;
મુજ જિગર ઉછાળા મારે,
એ ક્રોધ, શોકની જ્વાળ, નાડી ને શિરા શિરામાં[3] વ્યાપે
હું ઇચ્છું જ્વાળ એ દહન કરે, દુઃખ દેશી તણાં નિજતાપે.

---

૧ મહાસાગર, ૨ સ્વાર્થરૂપી બેડી, ૩ રગરગમાં,

ઓ માત! માત મુજ હિન્દ?
બની આજ કુભાગ્યે રંક!
તુજ પુત્ર કુછન્દી ઉઠ્યા,
કર્તવ્ય—ધર્મને ચૂક્યા;
તું પ્રેર અમોને, પ્રેર માત! કર્તવ્ય-વેદિમાં[૪] બળવા,
તું માત તણા ઉદ્ધાર કાજ નિજ પ્રાણ ચરણ તુજ ધરવા.

ઓ ભારતનાં સંતાન?
ક્યમ ભુલ્યા જાતિઅભિમાન?
ક્યમ સ્વાર્થ આપના શોધો?
કર્તવ્ય માર્ગ ક્યમ ચૂકો?
કંઇ રૂવે માનવી ક્રોડ દેશમાં, રંક બિચારાં ભૂખે,
ક્યમ ગમે ભોગ વિલાસ દેહના? સુખી ત્હમે નિજ સુખે.

કંઇ બાળ ભમે રડવડતાં,
ને ભુખે માનવી સડતાં;
કંઇ રૂવે રંક વિધવાઓ—
ને કરે ગેબી પોકારો;
તે પાપ, ગરીબી, વ્હેમ તણી, દશદિશ વ્યાપતી જ્વાળા,
એ જ્વાળા તણી વિકરાળ ભભકમાં જોઉં હિન્દ મુજ માતા.

---

૪ યજ્ઞ,

ઓ હિન્દ! પુરાણી હિન્દ!
ઓ વિશ્વવન્દ્ય અમ હિન્દ!
તુજ રંક કર્મની રેખા,
કે પ્રભુ તુજપર રૂઠ્યા:
રે ત્રિશ કોટિ તુજ તનુજ સામટા, મૂઢ ઉંઘે [5]વિષઘેને
રે દેખી અવદશા ત્હારી દયાયે, ઉર લેશ નવ જાગે.

ઓ પ્રભુ! પાપી, અમ પાપી,
અમ મૂર્ખ, અમે હતભાગી;
કંઇ સ્વાર્થ નિજના શોધ્યા,
ને સાર્વજનિક હિત ખોયાં;
તે સર્વ પાપની હશે સજાઓ, સહુ ખુશીથી ખમીએ,
પણ રંક માતની પ્રભુ! અવદશા જોઇ અમે સહુ બળીએ.

ઓ પ્રભુ! સજા બહુ કીધી,
કંઇ કરો ક્રોધની અવધિ;
અમ કલહ, દ્વેષને કાપો,
નીચ સ્વાર્થ, ભીરૂતા ટાળો;
દ્યો સંપ, લક્ષ્મી ને વીર્ય, અમોને કરો પ્રતાપી પૂત;
ને ખંડ ખંડ નિજ માત તણું જયગાન ગજવવા શૂરાં.

—નર્મદાશંકર બાલાશંકર.

---

[5] ઝેરનું ઘેન ચઢ્યું હોય તેમ.

૨૪. સહુ ચલો ચલો ભારત સંતાનો*

સહુ ચલો ચલો ભારત સંતાનો દેવદુંદુભી ગાજે,
દેશ–યજ્ઞ–બલિ કાજ ધસો પળ છે અણમૂલી આજે.

નવયુગ આજ મંડાયો,
અમ હિન્દ આજ સંધાયો,
ધ્વજ વિજયતણો ફરકાવો,
હર્ષાશ્રુ ગંગ વહાવો–

એ પુણ્ય ગંગ પુનિત ઉદકમાં[1] જશે તણાયાં પાપો,
દૃઢ નિશ્ચયથી સ્વર પ્રચંડથી પોકારો હિન્દ હમારો.

વિનતી કરી કરીને થાક્યા,
વ્યાખ્યાને મંડપ ગાજ્યા,
મહાસભા ભરી કંટાળ્યા,
બહુ પંચોથા[2] પરવાર્યા,

ઢંઢેરા લાંબા સુણ્યા,
કંઇ શબ્દછટાએ મોહ્યા,
ગર્જ્યા પણ ના કદી વરસ્યા,
બહુ વરસે પારજ પામ્યા,

હવે હિન્દ સ્વાવલંબનપર છે મુસ્તાક હિમાલય જેવું,
દૃઢપ્રતિજ્ઞ થઇ કર્ત્તવ્યરણાંગણ આપબળે ઝુઝનારૂં.

---

૧ પવિત્ર જળ, ૨ કમિશનો.

પૂર્વનાં પાપો ધોશું,
કુરબાની કરી સોહીશું,
સહુ હિન્દી મળી જીતીશું,
સહુ હિન્દી સાથ મરીશું,

હવે ભેદનીતિના ભોગ થઈશું નહિ નહિ કો કાળે,
મરશું બન્ધુના હાથે પણ ના ત્રાહિત દોર જમાવે.

અહ ! પુનિત સંગમ આજે,
ત્રિવેણી પુણ્ય પ્રભાતે,
સહુ "**वंदेमातरम्**" બોલો,
"**अल्लाहो अकबर**" બોલો,
"**सत् श्री अकाल**" બોલો,
જય ત્રિભુવનમાંહી ગજાવો,

છે જાન માલ કુરબાન અમારાં હિન્દ માતને ચરણે,
બસ કહેવું નથી, કરવાનું હાવે બંધનમુક્ત થવાને.

નવયુવાન બંધુ ! ચાલો,
નિમંત્રણ માત સ્વીકારો,
શયતાની મહોબ્બત તોડો,
બસ ગુલામી શિક્ષણ છોડો,
ભીરૂતા ને મોહજ ટાળો,
ફળ રાષ્ટ્રતણું જ બઢાવો.

રે ભાવીના સરદારો !
ના ના રે મુખ છુપાવો,
હા ! આર્ત નાદથી માત પુકારે દીન ઈમાન વિચારો,
ચઢો રણે સૌ ધર્મયુદ્ધમાં હિન્દ હવે ઉદ્ધારો.

પંજાબ ખિલાફત દુઃખો,
ઘરઘરના આર્ત પુકારો,
શેં ભૂલીએ કારીજખમો ?
વિણ વાંકે વિંધ્યા સહસ્રો,

બન્ધુની રઝળી લાસો,
હજી મ્હાલે અહીં [3]શયતાનો,

રે ! દુઃશાસન[3] દુષ્કૃત્યો !
દ્રૌપદી[4]નાં ખેંચ્યાં વસ્ત્રો !

ધોળે દી અત્યાચારો,
શું ભૂલશે પાંડવ વીરો ?
ઓ ભીમ ! ગર્જ બલવીર્યથકી નિરાંતે કયમ બેસાય ?
શું દુઃશાસન[3] લ્હેર કરે પાંચાલી છૂટા કેશાય !

રે ! સર્પ સમાન ચલાવ્યા !
બાંધી બાંધી ફટકાવ્યા !
ધગતા અંગાર જલાવ્યા !
અંદિખાનાં ઉભરાવ્યાં !

---

૩ બોસ્વર્થ સ્મીથ વગેરે, ૪ મનીઆનવાલાની ઓરતો.

તરીપાર કંઇને કીધા !
ચોરોએ શાહુ દંડ્યા !
તોયે શું ન્યાયે મોહ્યા ?
શું સ્વાદ પુરા ના ચાખ્યા ?
રે ભાગ ભરો કયમ પાપે ?
શયતાન[5] તણા અહંકારે ?
જીવતા પણ મુઆ ભુંડા ?
કાં નહિ કરવાં કેસરીયાં ?

ઓ ! બુદ્ધિમાન ધારાશાસ્ત્રી મુસદ્દી પંડિત જાગો,
કંઇ સમય વિચારો સાર્થ કરો શક્તિ તમ સંધિ સાધો.

વાણિજ્યશૂર સંતાનો !
ઓ ! સાહસિક શ્રીમાનો !
ધનરાશિ યજ્ઞે ખડકો,
ભામાશા સ્થળસ્થળ પ્રકટો,

જો લક્ષ્મીપતિ, ના દાસ બનો, ગઇ પ્રાપ્ત ફરીથી કરશો,
પણ દુર્લભ કેસરી પ્રતાપ જાતાં જુગજુગ રોતા રહેશો.

ઓ શૂરવીર સંતાનો !
ભડવીર ભલા ખેડુતો !
શ્રમજીવી બન્ધુ બ્હેનો !
બાંધી દો સેતુબંધો !

---

૫ શયતાની રાજવહીવટ.

દુઃખસાગર ઉતરી ચાલો,
રે ! માત સીતા છોડાવો;
રઘુવીર કરે ટંકાર સજી સામગ્રી સર્વે ચાલો,
ના સિદ્ધિ સાધનમાં પણ સત્ત્વે, રાવણને રગદોળો.

નિજ ધર્મ સહુ વિચારો,
વ્રત ઐક્ય, સ્વદેશી સાધો,
રે અધમ દ્વેષ ફિટકારો,
દિલ રાખો પ્રેમ ફુવારો,
બસ વિજય વિજય છે દૈવી યુદ્ધ—સચ્ચાઈ શાંતિનાં શસ્ત્રો,
છે અભયદાન આત્માર્પણ એ જગસંજીવનના મંત્રો.

—કલ્યાણજી.

૨૫. ' સહુ ચલો જીતવા જંગ '

સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો[1] વાગે;
યાહોમ કરીને પડો ફતેહ છે આગે. ટેક.

કેટલાંક કર્મો વિષે, ઢીલ નવ ચાલે,
શંકા ભય તો બહુ સેજ, હામને ખાળે;
હજી સમય નથી આવિયો, કહી દિન ગાળે,
જન મ્હાનું કરે નવ સરે, અર્થ કો કાળે;
ઝંપલાવવાથી સિદ્ધિ, જોઈ બળ લાગે યાહોમ.

સાહસે કર્યો પરશુએ પુરો અર્જુનને,
તે પરશુરામ પરસિદ્ધ,[2] નિજ વચને;
સાહસે ઈંદ્રજીત શૂર, હણ્યો લક્ષમણે,
સાહસે વીર વિક્રમ, જગત સહુ જાણે;
થઈ ગર્દ[3] જંગમાં મર્દ હક્ક નિજ માગે—યાહોમ.

સાહસે કોલંબો ગયે, નવી દુનિયામાં,
સાહસે નેપોલ્યન ભીડ્યો, યુરપ આખામાં;
સાહસે લ્યુથર તે થયો, પોપના સ્હામો,
સાહસે સ્કોટે દેવું રે, વાળ્યું જોતામાં;
સાહસે સિકંદર નામ, અમર સહુ જાગે—યાહોમ.

—કવિ નર્મદ.

---

૧ રણશીંગાં, ૨ પ્રસિદ્ધ-મશહૂર, ૩ ધૂળ થઈ-રગદોળાઈ.

૨૬. વીરની વિદાય

મ્હારા કેસરભીના[1] કન્થ હો !
સિધાવો જી રણવાટ.

આભ ગૂંજે, ધરણી ધમધમે, રાજ !
ઘેરા ઘોરે શંખનાદ:
દુંદુભિ બોલે મહારાજનાં, હો !
સામન્તના જયવાદ:
મ્હારા કેસરભીના કન્થ હો !

આંગણ રણધ્વજ રોપીઆ હો !
કુંજર[2] ડોલે દ્વાર:
બંદીજનોની બિરદાવલી હો !
ગાજે ગઢ મોઝાર:
મ્હારા કેસરભીના કન્થ હો !

ધુર પડે,[3] દેશ ડૂલતા હો !
ડગમગતી મ્હોલાત:
પૃથ્વી કેરી હાકમાં, રાજ !
એક અખંડિત ભાત:
મ્હારા કેસરભીના કન્થ હો !

---

૧ કેસરથી રંગભીના થયેલા, ૨ હાથી, ૩ આઘે.

નાથ ! ચ્હડો રણુંચ્ચાડલે રે,
હું ઘેર રહી ગૂંથીશઃ
બખ્તર વજ્રની સાંકળી હો !
ભર રણમાં [૪]પાઠવીશઃ
મ્હારા કેસરભીના કન્થ હો !

સંગ લેશો તો આજ સજું હો !
માથે ધરૂં રણમ્હોડઃ
ખડ્ગને માંડવ[૫] ખેલવાં,
મ્હારે રણલીલાના કોડઃ
મ્હારા કેસરભીના કન્થ હો !

આવતાં ઝાલીશ બાણને હો !
ઢાલે વાળીશ ઘાવઃ
ઢાલ ફુટે[૬] મ્હારા ઉરમાં, રાજ !
ઝીલીશ દુશ્મનદાવઃ
મ્હારા કેસરભીના કન્થ હો !

એક વાટ રણવાસની રે,
બીજી સિંહાસનવાટઃ
ત્રીજી વાટ શોણિતની [૭]સરિતે,
હો ! શૂરના સ્નાનનો ઘાટઃ
મ્હારા કેસરભીના કન્થ હો !

---

૪ મોકલીશ, ૫ હથિયારનું નામ, ૬ તૂટશે, ૭ લોહીની નદીની,

જયકલગીએ વળજો, પ્રીતમ !
ભીંજશું ફાગે ચીર:
નહિં તો વીરને આશ્રમ મળશું,
હો ! સુરગંગાને[8] તીર:
મ્હારા કેસરભીના કન્થ હો !

રાજમુગટ ! રણરાજવી ! હો !
રણઘેલા ! રણધીર !
અધીરો ઘોડીલો થનગને, નાથ !
વાધો[9] રણે, મહાવીર !
મ્હારા કેસરભીના કન્થ હો !

—ન્હાનાલાલ.

૨૭. શૂરા સામદ હો !

એક વાર મેદાન પડયા રણ ચ્હડયા કે ઘુમવું ઘુમવું !
અંગત રંગિત ઉમંગથી શિરશત્રુ ઝઝુમવું ઝઝુમવું !
શૂરા સામદ હો ! એકવાર૦

શરમ શાનિ સ્વદેશ સેવામાં ? મુરત[1] ત્યાં કામની શી ?
પ્હેલ પેલો કરે, પ્હેલ બીજો કરો, એ આશા કામની શી ?
શૂરા સામદ હો ! એકવાર૦

૮ દેવગંગા, ૯ ઝુકાવો ૧ મુરવત,

હવે મુંકયા ઘરબાર પછાડી, પ્રિયજન પાછળ મૂકયા;
જગત જંજાળથી આગળ ચાલ્યા, સ્વર્ગરણાંગણ [2]ઢુંકય !
શૂરા સામદ હો ! એકવાર૦

હાથીના દંતૂશળ ઉજ્જવળ નિકળ્યા શું પાછા પેસે ?
એકવાર પગ રોપ્યો રણે તે હરિ શું અપજશ લેશે ?
ના, ના, શૂરા હો ! એકવાર૦

ભલે ભગીરથ–પ્રયત્ન કરવો ! ભારતરણ[3] ભલે તરવું !
રણયજ્ઞે આ દેહની આહુતિ દેવી તે મરવું ઉગરવું !
શૂરા સામદ હો ! એકવાર૦

નક્ષત્રિય પૃથ્વી શા માટે પરશુરામે કીધી ?
તો અમ રૂધિરગળત હૈયાની મૈયાની લજ્જા લીધી !
શૂરા સામદ હો ! એકવાર૦

શું ન ઘુંઘાં ? નથિ રે'સ્યાં આપણાં કૂમળાં બંધુ બિચારાં !
મ્હેમયવન એ લોહીનો તરસ્યો ભક્ષે ન સાંજ સવારાં !
શૂરા સામદ હો ! એકવાર૦

બ્રહ્મ થવા કૌશિક શું ? "સૌ સરખા [4]લહેવાવા" !
ગૌતમ બુદ્ધ ઘુમ્યાં હરિ ત્યારે ઘુમે ન ભુમિ છોડાવા ?
શૂરા સામદ હો ! એકવાર૦

—સ્વ. હરિલાલ ધ્રુવ.

---

૨ ની લગોલગ આવ્યા, ૩ ભારતરૂપી રણક્ષેત્ર ૪ લેખાવા.

૨૮. રણે વિદાય

હણહણતો હય બારણે, વીરા ! પેંગડે પાય ધરો જી !
પેંગડે પાય ધરો જી, વીરા ! મુહૂર્ત સમો આ ખરો જી !–
આંખમાં અંજન, રણરસરંજન, ગુંજો યુદ્ધગીતોનાં;
વાંકી વાંકી મ્હેંકી પાઘ પીળી આ, વિંધશે નેણુ જ કોનાં ?
વીરા ! પેંગડે પાય ધરો જી. ૧

તાણી તાણી આ મૂછ છે મરડી, ફરકી રહ્યા હોઠ રાતા;
વારે વારે મુખ મારે ખુંખારા, ને તડપી રહ્યા પગ તાતા !
વીરા ! પેંગડે પાય ધરો જી. ૨

દડબડ દડબડ દમભર દોડી, ખુર ખુંદો રણ ખાંતે[1];
ચતુર્દિશ[2] અસિ ચમકાવી બતાવો શૂરપણું ક્ષણમાં તે !
વીરા ! પેંગડે પાય ધરો જી. ૩

વીરપિતાના વીરછૈયા ને ચૂકશે કયમ આ લ્હાડો ?
વીરરસે રણકુંજ ઘુમીને શીરનાં ફૂલ[3] ઉડાડો ?
વીરા ! પેંગડે પાય ધરો જી. ૪

ભારતમાત ઉભી ઉમરામાં આશિષ દે શુભ આજે :
હણહણતો હય વીર ! ચઢો આ, જયજય દુંદુભિ વાજે !
વીરા ! પેંગડે પાય ધરો જી. ૫

—ખબરદાર.

૧ હોંસે ૨ ચારે દિશાઓમાં ૩ શત્રુઓનાં માથાંરૂપી ફૂલ.

૨૯. સમશેર સારી ખલ્કની

સમશેર સારી ખલ્કની[1] અમને નહીં તાબે કરે;
અમ આત્મ છે પ્રભુ તેજ તે નહીં તુચ્છ શસ્ત્રે [2]ગાભરે—સમ૦

મહાયજ્ઞ છે અમ આદર્યો,
પૂરો કરીશું હામથી;
વિઘ્નો કદી આવી નડે તો,
હોમીશું અમ જાતને—સમ૦

લાંછન ગુલામી શીર લઇ,
પાળ્યા[3] પશુસમ જગ ફર્યા;
આંખો અમારી છે ખુલી,
બસ ધોઇશું સૌ પાપને—સમ૦

પરતેજથી નહીં ભડકશું[4],
પણ તેજ અમ જગ દાખશું:
જોશે બધી આલમ હવે,
અમ હિંદીની તાકાતને—સમ૦

—વસન્તવિનોદી.

૧ દુનિયાની, ૨ ગભરાય, ૩ પાળેલા–ખીલડે બાંધેલા, ૪ અંજાઈશું.

૩૦. જય સ્વદેશ ! જય સ્વરાજ્ય ! *

જય સ્વદેશ !
જય સ્વરાજ્ય !
જય સ્વતંત્રતાનું તાજ !
જય સ્વદેશ ! જય સ્વરાજ્ય !

બની સુધીર હિન્દબાળ !
હૃદ ઉમંગથી પુકાર—
વહવી ઉર દેશદાઝ !
જય સ્વદેશ ! જય સ્વરાજ્ય !

હિન્દને સ્વરાજ્ય રામ !
હિન્દબાલ હૃદય હામ !
દે સ્વતંત્રતાનું તાજ !
જય સ્વદેશ ! જય સ્વરાજ્ય !

નૂતન વર્ષ હર્ષ સાથ !
દે સ્વરાજ્ય સિદ્ધનાથ !
આપ એ અમોલું રાજ !
જય સ્વદેશ ! જય સ્વરાજ્ય !

અર્પું દેહ દેશ કાજ !
જય સ્વદેશ ! જય સ્વરાજ્ય !

—નાગરદાસ પટેલ.

* જુઓ પરિશિષ્ટ क.

૩૧. હર હર મહાદેવ !

કૂચ કદમ ભરો રણુ રંગે, ભૂમિ ભારતનાં સંતાન !
જોદ્ધા ! ઝૂકાવો જંગે, શુદ્ધ સિંહણુ સુત સમાનઃ
"હિંમતે મરદા મદદે ખુદાઃ" તક સાધો [1]તતખેવ !
ગજવી હર હર મહાદેવ.

શા રોમ રોમ ભર ભડકા ! પ્હોંચે જેની નભ જ્વાળ !
ઉડતા તન વીંધી તણુખા, લોચન ભભુકે અંગાર !
એ આત્મશૌર્યના પૂર પ્રવાહે વહતાં [2]અવશ્યમેવ—
ગજવો હર હર મહાદેવ.

ઉછળે નસ નસમાં તાજું, વીરશોભન[3] તમ શોણિતઃ
ને શ્વાસોચ્છ્વાસે ગાજ્યું, શુચિ આત્મિક જોમ પુનિતઃ
એ બળ શોણિત ને હાડમાંસ સૌ ખપાવી સાધો ધ્યેય—
ગજવી હર હર મહાદેવ.

મૃતસંજિવની[4] જડીબુટ્ટી, સુંધ્યા પછી શા ભણકાર ?
બ્રહ્માન્ડ પડે છો તુટી, મનમેરૂ[5] ન પગ ચળનાર !
શર[6] ઝીલો ફૂલસમ શૂરા, નવ છાજે કાયર ટેવ.
ગજવો હર હર મહાદેવ.

---

૧ તુરતજ, ૨ જરૂર, ૩ વીરોને શોભાવનાર,
૪ મુડદાંને સજીવન કરનાર, ૫ મનરૂપી મેરૂ પર્વત, ૬ બાણુ.

તમ જ્વલન્ત જીવનજ્યોતિ, હૈયે મર્દોની હીર;
એ દૈવી શક્તિયોથી, તોડો જનની-જંજીર:
ને રૂખ, કુળ, નરદેહ દીપાવો કાળ હઠાવીનેય:
ગજવી હર હર મહાદેવ.

સમરાંગણુની શરણાઇ, રગ રગમાં પૂરે શૂર:
ધસમસતાં ધાઇ ધાઇ, હો અકળિત[૭] અંતર પૂર:
સૌ જંગપડી રણરંગ રાખતાં સજો[૮] ત્રિવિધ[૯] ભવ શ્રેય:
ગજવી હર હર મહાદેવ.

વીર! મરી મૃત્યુ દીપાવો, ફરી જીવાય તો જશ સાથ:
વીર! મરી જીવન્ત બનાવો, જીવતાં મુડદાં કંઇ લાખ:
યદિ! સ્વર્ગ સંચર્યા સેનાનીની વ્હાય અમરગણુ[૧૦] સેવ!
ગજવો હર હર મહાદેવ.

—કેશવ હ. શેઠ.

---

૭ કળાય નહિ તેવાં, ૮ સાધો, ૯ ત્રણે, ૧૦ દેવલોક.

૩૨. સ્વતંત્રતાના સૈનિકોને*

હો સ્વતંત્રતાના સૈનિકો ! સૌ સજી વીર શણગાર,
રણધીર વીરોનાં ગીતો ગૂંથી જીવનને તાર;
ધ્વજ સ્વરાજ્યનો ત્રિરંગી ફરકાવો દ્વારેદ્વાર:
ધપી રણભોમ !
કરી યાહોમ !
ગજવી અર્જુન–ટંકાર:
તુમુલ જંગ જીતી, ભારતનો વર્ત્તાવો જયકાર.

હાકલ વાગી કુરૂક્ષેત્રે, ને ડોલી રહી દિક્પાળ,
અંગાર ઝરે ભૂમિનેત્રે, ચડી રગ રગ વિગ્રહજ્વાળ;
સ્વાર્પણથી ભોમ સુહાવો ઘોળી પી કરાળ કાળ:
ને થાઓ અમર !
એ વ્હાઓ શ્રી–વર !
વીર ! કરો સફળ અવતાર:
ધર્મ જંગ જીતી, ભારતનો વર્તાવો જયકાર.

ડંકો સૂણીને ધસતા, તજી સમાધિ સંતો બ્હાર,
વનરાજ વનેવન વસતા, યદિ ! ભરે ઘૂઘવી ફાળ;
ભીમ ભીષ્મતણા રણઝણતા શા રંગભીના તોખાર:

સૈનિક શૂર
આત્મિક નૂર,
દીપાવો આચાર:
જીવનયુદ્ધ જીતી, ભારતનો વર્તાવો જયકાર.

વાગ્યાં અમૃત ચોઘડીઆં, જાગ્યા દૈવી રણકાર,
ધિમકીટ્ ધિમકીટ્ ગગડીઆં, રણવાદ્ય દૈવી દરબાર;
ધમધમતી ધરતી ઝીલે, કેસરીઆના ભણકાર:

ભડ બ્હાદુર !
ઉછળ્યાં પૂર:
ઉઘડયાં યુદ્ધ–સવાર:
દિવ્ય જંગ જીતી, ભારતનો વર્તાવો જયકાર.

રણ રામ–કૃષ્ણ વિરાજી, શો ભરે તેજ ચમકાર!
વીર પ્રતાપ ને શિવાજી, દે પૂર્વજ વ્રત અધિકાર;
હિમાચલ નિશ્ચલતા દઈ, રેલાવે અમૃતધાર:

અ સ હ કા ર—
ને હથિયાર,
ખડા ગાંધી સરદાર:
દમનજંગ જીતી, ભારતનો વર્તાવો જયકાર.

જનનીના સપૂત સાચા, નિજ ઉતારવા ઋણ ભાર,
ધપતાં પડશો મા પાછા, જો ચાહો પુનરોદ્ધાર;

ધન્ય હોમાતું રણયજ્ઞ, કુલ કુટુમ્બ સહ પરિવાર:
ફૂલ ને ફાલ,
દેવ દયાળ,
વધાવવા તૈયાર:
જયદેવી ઉભી અનુરાગે, સમર્પવા જયમાળ.

—કેશવ હ. શેઠ.

---

૩૩. ચલો !

ચલો, શૂરવીર ! ચલો જઈએ, સુભટનો યશમારગ લઈએ. ૧
સુણો, સૂતા કેસરી જાગે, કે રણનાં રણશીંગડાં વાગે. ૨
ઉડયા સ્થળ સ્થળ ક્ષત્રીય જાયા, શ્રીકૃષ્ણે વરદ[1] શંખ વાયા. ૩
શૂરોએ શસ્ત્રકવચ લીધાં, કે ભીષ્મે સિંહનાદ કીધા. ૪
ચડયા રણરથે રાય રાણા, મહાભારત વળી મંડાણાં. ૫
અહો ! જગની હાકલ વાગે, જગતના શૂરવીરો જાગે. ૬
ઉભી જો ! લઈને યશમાળા, અમરને[2] દ્વાર અમરબાલા. ૭
ચલો ઝટ, ચલો, વીર બંકા ! અમરમારગ દ્યો રણડંકા. ૮

—ન્હાનાલાલ.

---

૧. વર-ઈચ્છા દેનારા, ૨ સ્વર્ગ.

૩૪. રણનો મારગ*

રણનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને!
પરથમ પહેલું મસ્તક મૂકી, રાખે વીરનું નામ જોને!

સુત વીત દારા શિશ સમરપે, તે અમૃતરસ પીતા જોને!
જીવનભોગ બળે જોદ્ધાઓ, જંગ પડીને જીત્યા જોને!

મરણ મોખરે થરથર કંપે, દિલની દુગ્ધા વામે જોને!
તીરે ઉભા જુએ તમાસો, તે કોડી નવ પામે જોને!

દેશદાઝની જે ઉર જ્વાલા, તે ભડ ક્યાંથી ભાગે જોને!
રણે ચડયા તે મુક્તિ પામે, દેખનારા દાઝે જોને!

માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સ્હેલ જોને!
મહાપદ પામ્યા તે મરજીવા[1], મૂકી મનનો મેલ જોને!

રણવાજાં વાગે ને સાચા વીર પડે મયદાન જોને!
ખડા મોરચે પડે ન પાછા, ચૂકે નહિ નિશાન જોને!

એવો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને!
રણધીરનો એ ધર્મ પુરાણો, કાયર જીવ્યું હરામ જોને!

—કેશવ હ. શેઠ.

---

૧ શહીદ.

૩૫. અમેરિકાનું રાષ્ટ્રગીત

ઓ મારા પ્રિય દેશ મહાન !
સ્વતંત્રતા કેરા શુભસ્થાન !
પિતૃજનોનું શાન્તિ સદન તું !
યાત્રિજનોનું ગૌરવ ધન તું !
ગાઉં જય મા તારૂં ગીત,
વન વનથી ધ્વનિ ઉઠી પુનીત:
ગુંજે સ્વતંત્રતાનાં તાન;
ઓ મારા પ્રિય દેશ મહાન !

ગૃહ, મન્દિર, ગિરિ, વન સહુ તારાં,
છે મુજ મનને અતિશય પ્યારાં,
અતિ મધુર છે તારૂં નામ,
પ્રેમાકુલ[1] કરે હૃદ[2] ધામ:
છે મુજને તારૂં અભિમાન;
ઓ મારા પ્રિય દેશ મહાન !

સ્વતંત્રતાના સૂર રસાળા,
વહે વાયુમંડળમાં તારા;
સહુ કંઠથી નીકળે રાગ,
ગુંજી ઉઠે સહસા ગિરીરાજ;

૧. પ્રેમથી આકુળવ્યાકુળ, ૨ હૃદય,

ઉચ્ચ સ્વરે લેઇને તાનઃ
એ મારા પ્રિય દેશ મહાન !

પરમ પિતા સ્વાતંત્ર્ય વિધાતા;
નૃપાધિ રાજા, હે સુખદાતા !
મેળવી તુજથી બળ વિશ્વેશ,[3]
જુગ જુગ જીવો અમારો દેશ.
પામો સુખ, શાન્તિ સન્માન;
એ મારા પ્રિય દેશ મહાન !

—સીતારામ શર્મા.

---

૩ પ્રભુ.

૩૬. ગુજરાતનું ભાવી ગૌરવ

સુણ, ગરવી ગુજરાત, વાત કંઇ કહું હું કાનમાં;
સમજુ છે તું સુજાત, સમજશે સહજ સાનમાં.
વસ્તી વસુ[1] સુખ તને, વળી વેપાર વણજનું;
જ્ઞાન ધર્મ પણ સુખી, દુઃખ નહિ અધિક કરજનું.

નથી તેમ તું રહિત અન્ય મોટા સદ્‌ગુણથી—
પામો નામના હજી, વડિલ આર્યોના પુણ્યથી.
પણ ક્યાં બુદ્ધિ વિશાળ, કવિ-ઋષિ ધીર ગયા ક્યાં?
રણ ગજવે, રંગભૂમિ-સર્વ એ સ્થિર થયા ક્યાં?

પાડી દેહ પવિત્ર, ગયા ક્યાં રક્ષક એવા?
ક્યાં તે સ્વદેશ દાઝ? પ્રજા રાજાની સેવા?
મહત્ પુત્ર ક્યાં ગયા, માત તુજ ઊંચા કુળના?—
છોને નિકળ્યા બીજા ઘણાએ ઓછા મુલના.

ક્યાં પ્રાચીન ચાતુર્ય? અસલતા ક્યાં રે તારી?—
નૌતમ નરની નાર, જાણ્યું શું વંશ[2] વધારી?
પુત્ર જણ્યા બહુ પેર, જણ્યા પણ જોગવિયા નહિ;
સુખ સ્વપ્ને દીઠેલ જાગિ તેં ભોગવિયાં નહિ.

૧ પૈસાનું. ૨ સંતતિની સંખ્યા,

છયાસિ લાખ નિજ પ્રજા છતાં વંઝા રંડાણી—
આર્યપુત્રી અનુપમા, હિંદ સુંદરિ હિંદવાણી.
એહિ પનોતી, હાય ! દુર્દશા આખે દેશે;
જયાં જોઉં ત્યાં સ્વાર્થ, ભટકતો ભિન ભિન વેશે.

ન મળે શૌર્ય ઉમંગ, આર્ય અભિમાન કશું રે;
દેશદાઝ વણ પડી, પરાધિન પ્રજા પશુ રે.
ત્રણ સૈકા વહિ ગયા વશ પડી રહી બીજાને;
જતા આવતા સર્વ યવનની આણ તું માને.

હાય ! કેમ જીવાય, પરાધિન એ સ્થિતિમાં ?
છુટી પડે³ અવતાર, ગુલામી દેગીતીમાં.
માડી ! ઉઠ, કર જોડ, ક્ષમા માગી લે વ્હાલી;
કર્તવ્યે પડ બ્હાર, હિંદમાં સહુથી પ્હેલી.

રજપુત વીર જગાડ, રાજ્યકર્તા કર સાચા;
બ્રહ્મભાગ વિદ્વાન, જ્ઞાન જિજ્ઞાસુ ⁴જાચા.
દેશ દેશ વગડાવ, શંખ તુજ સ્વાધિનતાનો;
ગર્વ ઐક્યતા ભજવ, પરાજય કરિ ભિનતાનો.

પિટવ દાંડિ પરમાર્થ સ્વાર્થ અંધારી માડી;
સુધરે પુત્ર પરિવાર, પરસ્પર પ્રીતે ધાડી.
ઉતરે પનોતી હવાં, વખત આવે છે સારા;
તત્પર થા, ગુજરાત, હક્ક ભોગવવા તારા.

---

3 એળે જાય, ૪ જાચક–ભિક્ષુક,

ગઇ ગુજરી જા ભુલી, શોક તેના શા કરવા ?
મરતાં ગઇ તું બચી, વળી કાં સૂએ મરવા ?
તજ મિથ્યા કલ્પાંત, હામ હૈડે ધર માતા;
કર સજિવન નિજ વતન, શિર ઉપર છે સુખદાતા.

પૂર્વ જન્મનાં પાપ, નર્મદા જળ શુદ્ધ કરશે,
નવીન જન્મ શરીર થકી એ ખોળો ભરશે;
હું કયાં જોવા રહું, નવીન એ જન્મજ તારો ?
માતા દુઃખ મુઝવણે ગાળિ નાંખ્યો જન્મારો.

હશે; ન મુજ મન દુઃખ વિશેષે એહ વિષેનું;
અર્પિ દઉં સો જન્મ, એવડું મા તુજ લ્હેણું.
સો આપું લઇ એક, સહસ્ત્ર આપું એકે;
ગુર્જર દેશ ફરી જોઉં, દીપનો સત્ય વિવેકે.

પણ તે દિન હજિ દૂર, નથી મારા વારામાં—
મોડે વ્હેલે ભલે, જોગ પડતાં સારામાં.
નમન હાલ, ગુજરાત, માત ! આ સલામ છેલી;
સફળ થજો આશીષ, ભક્ત પુત્રે આપેલી.

--મલબારી.

---

૫ સેવા કર,

૩૭. હિંદનું ભવિષ્ય

માજી હવે ઉજળી થાશે રાત અંધારી આથમી રે લોલ,
વ્હાણુલાં વાશે થાશે પ્રભાત દુઃખડાં જાશે શમી રે લોલ.
માજી તારા ઘાયલ પુત સપુત સુતેલા જાગશે રે લોલ,
માજી થશે ઝાઝો ઝંપાપાત જાતસુખ ત્યાગશે રે લોલ.

જાગશે દાન દયાના વીર ધીર વીર જાગશે રે લોલ,
જાગશે સાવજ ચિત્તા વાઘ કેસરી ત્રાડશે રે લોલ.
વરસશે સ્વાતિના[1] વરસાદ આકાશથી આવશે રે લોલ,
માજી એ છીપે મોંઘે મૂલ મોતીડાં પાકશે રે લોલ.

જાગશે રામ વિનામાં રામ ગર્વગંજન[2] થશે રે લોલ,
જાગશે જાગશે જાદવચંદ્ર[3] અધમ ઉદ્ધારશે રે લોલ.
જાગશે કર્ણાર્જુન થઇ એક ધનુર્વેદ ધારશે રે લોલ,
જાગશે ભીમ અને ભડ ભીષ્મ લીધાં પણ પાળશે રે લોલ.

જાગશે મેવાડી ભડવીર પ્રતાપનાં પગ ધ્રગાં રે લોલ,
માજી એને યુગયુગનાં અપવાસ કરશે પારણાં[4] રે લોલ.
જાગશે શિવાજીનાં સેન ધરતી ધ્રૂજાવશે રે લોલ,
જીતશે કુડકપટનાં એલ કુડ ત્યાં ધૂળ થશે રે લોલ.

---

૧ નક્ષત્રનું નામ, ૨ ગર્વથી ગાજશે-ખોંખારશે, ૩ કૃષ્ણ,
૪ અપવાસ પછીનું ભોજન,

માજી તારી કુખનાં કીર્તિગાન ગૌરવ ગાજશે રે લોલ,
માજી તારા દૂધમલ પીશે દૂધ દૂધ દીપાવશે રે લોલ.
મંદ મૃદુ હિમાળના વાય ઉત્તરના વાયા જશે રે લોલ,
માજી જશે રોગ દોગ શોકના થોક શીતળતા શાંતિ થશે રે લોલ.

ઝરશે અમી ઝરણાં વરસાદ ભૂમિ ભિંજાવશે રે લોલ,
કયારકે કલ્પતરૂનો[5] પાક કણુના કણશી થશે રે લોલ.
માજી એવા મોં માંગ્યા વરસાદ કુંદનના[6] વરસશે રે લોલ,
આવતી સાગરિયાની છોળ રતનચોક[7] રેલી જશે રે લોલ.

માજી તારો ભાગ્ય-સવિતા ભર્ગ[8] સિંચતો ચડતો જશે રે લોલ,
પ્રભુના શરદપૂનમના ચંદ્ર સમો મધ્ય સ્થંભી જશે રે લોલ.
માજી તારૂં ભારત બનશે સ્વર્ગ નંદનવન ઝાંખા થશે રે લોલ,
માજી તારો જય જય જયકાર જગત ત્રણ ગાજશે રે લોલ.

—વિહારી.

---

૫ કલ્પવૃક્ષ-મનમાન્યો, ૬ સોનાના, ૭ રત્નોથી ભરેલો ચોક, ૮ પ્રકાશ.

૩૮. હિંદનો ઉષઃકાળ

ઉઠ તું, ઉઠ તું, હિંદ જો પૂર્વમાં;
બંગના ભંગનો રંગ લાગ્યો,
અરૂણ ઉદય થયો રંગ બદલી ગયો;
ઘોર અંધારનો તોર ભાગ્યો. ટેક.

પ્રાચી[1] પીળી થઇ, રાત તો વહી ગઇ,
ખિન્ન ચકોર ને ચંદ્ર ભાસે;
ઉડુ સંતાય છે, ઘૂડ ગભરાય છે,
પાણીનાં પોયણાં વિરહ[2] ત્રાસે. ઉઠ તું૦

હંસ જો જાગીયા, કામમાં લાગીયા,
જંગ જાપાનમાં જો મચાવે;
પેખ ઉદય ગિરિ, દષ્ટિ ઉંચી કરી,
સૂર્ય ધીમે, ધીમે આમ આવે. ઉઠ તું૦

—નાગેશ્વર જેઠારામ.

---

૧ પૂર્વદિશા, ૨ ચન્દ્રના વિયોગ વિચારથી.

૩૯. શકુનની ઘડીઓ*

ધર્મના વીર ! ઓ આર્યપુત ! ઉઠજો !
સુભટના શકુનની વાગી ઘડીઓ :
ઉત્તરાયન થયા, ઉત્તરે રવિ વળ્યા,
ભાનુના ભર્ગની વરસી ઝડીઓ. ૧

મૃત્યુને ખાળતા, શાન્તિને ઓધતા,
ભીષ્મ પોઢયા હતા યુદ્ધઘાટે :
મૃત્યુને પરહરી, શાન્તિબાથાં ભરી,
શૂર ! ત્યમ સંચરો યુદ્ધવાટે. ૨

સિંહના બાલથી ખેલતો—ગેલતો,
એ ભરતગોત્રનાં ગોત્રજો છો :
સિંહને શસ્ત્ર શાં ? વીરને મૃત્યુ શાં ?
મૃત્યુનાં અમૃતને ઓળખો છો. ૩

શાન્ત છો, દાન્ત છો, ધીર છો, વીર છો;
સુભટ છો સજ્જ નિઃશસ્ત્રતાથી :
ધર્મધ્વજ તમ ખડા; શસ્ત્ર સ્હામાં વડાં:
શ્રી હરિ સત્યના સમરસાથી. ૪

—ન્હાનાલાલ.

૪૦. ગુર્જરી સ્તવન

શીળી રાતમાં રે લોલ, રમીએ સહિયર સૌ સાથમાંરે લોલ.
રમત વાટમાં રે લોલ, ફરીએ સહિયર નીતિ સાથમાંરે લોલ.
શીળી રાતમાં રે લોલ, રમીએ સહિયર સૌ સાથમાંરે લોલ.

હર્ષે આંજી આંખડી રેલી મીઠા સૂર;
નૌતમ સ્નેહે ઉજળીએ[1] ઉત્તમ ગુર્જરી નૂર.

સખી ! વિશ્વની શી વાડી હિન્દ માવડી રે લોલ !
ભલી હિન્દની રસીક ભૂમિ ગુર્જરી રે લોલ !
રૂડી ગુર્જરીમાં પ્રૌઢ શોભા પાથરી રે લોલ !

સખી ! ગુર્જરી વિલાસવાડી આપણી રે લોલ !
શીળી રાતમાં રે—૦

હૃદયતણા પણ હૃદયથી નમીએ સૌ જગરાય;[2]
જન્મ દીધો આ ભૂમિમાં કુદરત જ્યાં છલકાય.

તીણું[3] ગાતી મીઠી નદિયો ત્યાં શી રમે રે લોલ !
પૂરાં ખીલી ઝુલી[4] ખેતરાં ધીરાં હસે રે લોલ !

---

૧ ઉજાળીએ—ચમકાવીએ, ૨ જગતનો રાજા—પ્રભુ, ૩ સૂરીલું,
૪ પાકના બોજથી ઝુલી,

વિવિધ રમ્ય નવલ વૃક્ષ ફળ ફૂલ છે રે લોલ !
સખી ! મધુરકણ્ઠી પંખીડાં પણ શાં વસે રે લોલ !
શીળી રાતમાં રે–૦

મનહર મોહક ભૂમિ આ આપણુ એનાં બાળ;
નિર્મળ નેહે[૫] શું નહીં ધરિયે એપર વ્હાલ ?

સખી ! માત માટે હૃદય શું ના બાળીએ રે લોલ !
સખી ! ગુર્જરીનું હીત શું ના ભાળીએ રે લોલ !
સખી ! સ્વાર્થ એને કાજ શું ના છાંડીએ[૬] રે લોલ !
સખી ! સમય આવે પ્રાણુને પણ પાડીએ રે લોલ !
શીળી રાતમાં રે–૦

—વસંતવિનોદી.

---

૫ સ્નેહે, ૬ જતો કરીએ.

૪૧. ગરવી ગુજરાત

ગરવી ગૂજરાત ! અહા, મુજ જન્મભૂમિ !
વીર માત મીઠી વિરલા નર કૈંકતણી !

મુજ જન્મભૂમિ ? નિત્ય એ પ્રિય શબ્દ ધ્વની,
મધુરા ભણકાર કરે મુજ ઉર ઘૂમી !

પ્રિય માત ! રીઝું તુજ પાય સદાય ચૂમી:—
મુજ જીવન સાર્થક હું રહું એજ ગણી;

શુભ હિન્દની વાડી ! તુમાં ભળી વેલ ઘણી,
મધુરાં ફુલડાં સુંઘતો રહું રે ઝઝુમી !

તુજ સુંદરતા નભમાં[1] બહુ વાદળિયો,
ચઢી આવી પસાર થતી બહુ વાર દીઠી;

પણ તુજ પ્રતાપ પ્રકાશ[2] અખંડ [3]વળ્યો,—
તુજ પુણ્ય પ્રભાવજ એ મુજ માત મીઠી !

શીત[4] એ નભ છાંય જામે, તુજ વાડી વિષે,
કંઇ ગાન કરૂં બની પક્ષીજ દિન [5]નિશે.

—ખબરદાર.

---

૧ સુંદરતારૂપી આકાશમાં, ૨ પ્રતાપરૂપી પ્રકાશ, ૩ વાદળીઓથી ઢંકાયો નહિ, ૪ શીળી, ૫ દિનરાત.

૪૨. ગુર્જર વીર

અમે તો ગરવા ગુર્જર વીર !
સોહે પ્રાચીન ઓજ[1] ખમીર !
અમે તો ગરવા ગુર્જર વીર !

કેસરી હાક અમારી ભયાનક
ગજવે ગહ્વર[2] ગિર !
દુશ્મનના રણુરંગી સંગે
ખેલન કાજ અધિર !
અમે તો ગરવા ગુર્જર વીર !

વિંધ્યાચળ અમ બાહુ ફેલ્યો
હિન્દ ધ્રુજાવે ધીર !
આંખલડીમાં અગ્નિ સમાવ્યો
કેસરરંગ્યા ચીર !
અમે તો ગરવા ગુર્જર વીર !

છાંટી આભ[3] જયોન્મત્ત[4] ધુધવે
ઘેરાં સાગર નીર !
તેને મસ્તક નર્તન[5] ખેલી
બાંધ્યાં બલ જંજીર[6] !
અમે તો ગરવા ગુર્જર વીર !

---

૧ ઓજસ, ૨ ગુફા, ૩ ગગન—આકાશ, ૪ વિજયથી ભાન ભૂલેલા, ૫ નૃત્ય, ૬ સાંકળથી.

કાળે બાણુ કુટીલ બનાવ્યું
સૂર્યે[૭] ઝબોળ્યાં તીર !
વીજલ ઘોર ઘનેથા[૮] ઉતરી
ભેટે અમ સમશીર !
અમે તો ગરવા ગુર્જર વીર !

મૃત્યુના મીજમાન સદાના
પ્રાણુ ઉદાર અમીર !
કાળ[૯] તણે કુમકુમ ચાંદલીએ
અમૃત યશની લકીર[૧૦] !
અમે તો ગરવા ગુર્જર વીર !

—રમણલાલ દેસાઇ.

---

૭ સૂર્યના તેજમાં, ૮ મેઘમાળમાંથી, ૯ મોત-મૃત્યુ, ૧૦ રેખા.

૪૩. વંદન જય ગૂજરાત !

ભરતભૂમિની ગુણવંતી લઘુ પુણ્યવતી રસભૂમિ,
સત્યાગ્રહની કર્મભૂમિ તું, ઝઝૂમીએ જહીં ઘૂમી,
જયગાન ગજવતાં માત;
તુજને વંદન જય ગૂજરાત ! ૧.

રસકસવંતી ભરતભૂમિની શ્રેષ્ઠ [૧]સુભગરસપુત્રી,
ગિરિ, ગહ્વર, સરવર, નદી, ઝરણાં, પ્રકૃતિ-પ્રસાદી ધરતી,
ધન ધાન્ય ભરી રળિયાત;
તુજને વંદન જય ગૂજરાત ! ૨.

યદુકુળ-તિલક કૃષ્ણચંદ્રની રાજ્ય-ભૂમિ જયવંતી,
ઘોષ ગીતાના સદાય કરતી, કર્મયોગ ગુંજવતી,
જય ગૌરવવંતી માત;
તુજને વંદન જય ગૂજરાત ! ૩.

સિદ્ધરાજ, વન, ભીમદેવ સમ સમરવીરોની[૨] પ્રસૂતા,[૩]
વીર કેસરી સમ જય-ત્રાડે[૪] ધરણી જે ધ્રુજવતા—
કરી વિજય-ધ્વજ ફરકાટ;
તુજને વંદન જય ગૂજરાત ! ૪.

૧ સુભાગી-ખુશનસીબ, ૨ રણસુભટો-જંગબહાદુરો, ૩ જનની-પેદા કરનાર, ૪ વિજયનાદ.

નૃસિંહ, મીરાં સરખાં રસિયાં[૫] સંતનની રસ–જનની,
ધર્મ–ધુરંધર દયાનંદ ને કલાપીની કુલ–ભૂમિ,—
વા'તી[૬] રસબંસી દિનરાત;
તુજને વંદન જય ગૂજરાત! ૫.

પ્રેમ–શૌર્યનું રણશીંગ ફુંકતો નર્મદ જય ગજવે,
સત્યનિષ્ઠ કર્મવીર ગાંધી અવનવ ચેતન પ્રેરે,
જન ઘૂમે કીર્તિધ્વજ સાથ;
તુજને વંદન જય ગૂજરાત! ૬.

જાગૃત જો તુજ તનુજ થયાં ત્યાં આ નવચેતન ભરતી,
પ્રાચી દિશામાં વિવિધ રંગભરી ઉદય ઉષા ઝળહળતી,
જો! દિવ્ય હસંત પ્રભાત;
તુજને વંદન જય ગુજરાત! ૭.

ધેરી ધુરંધર દેશતણાની ધુત્રરમાળ ધમકશે,
સ્વતંત્રતા, રિદ્ધિ, સિદ્ધિ ને પ્રતાપ, ચેતન સરશે,
જોઇ સ્તબ્ધ થશે જગ માત!
તુજને વંદન જય ગૂજરાત! ૮.

—બચુભાઇ રાવત.

---

૫ પ્રભુરસિયાં, ૬ વાજતી.

૪૪. અનન્ય ભારત

માત હો ! સ્હાઉં તનમનથી:
માત હો ! સ્હાઉં[1] તનમનથી:
નથી નથી તુજ જેવી, ભારત ! જગમાં અન્ય નથી !—
માત હો ! (ધ્રુવ)

જ્યાં પ્રભુમુખના રસબોલ પ્રથમ બોલાયા,
જ્યાં અગમનિગમના[2] ભેદ પ્રથમ ખોલાયા,
જ્યાં ધર્મકર્મના મોલ ખરા તોલાયા:
જે વસાઇ સુરજનથી[3] રે—
ભલી જે વસાઇ સુરજનથી:
નથી નથી તુજ જેવી, ભારત ! જગમાં અન્ય નથી !
માત હો ! ૧

જ્યાં જુગજુગના ઇતિહાસ ભણે સત છે જે,
જ્યાં સ્વર્ગ નરકના મર્મ પમાતા સ્હેજે,
જ્યાં અક્ષયપાત્ર અનેક ભરેલાં તેજે:
જે સવાઇ નન્દનથી રે—
ગણી જે સવાઇ નન્દનથી :

---

૧ સહાય કરૂં. ૨ વેદશાસ્ત્રના. ૩ દેવલોકથી.

નથી નથી તુજ જેવી, ભારત ! જગમાં અન્ય નથી !
માત હો ! ૨

જ્યાં ઋષિઋષિનાં નક્ષત્ર અચળ ઝગહળતાં,
જ્યાં નવજીવનનાં અમી યુગેયુગ મળતાં,
જ્યાં વહ્યાં ભક્તિરસ નીર ગંગશું ભળતાં:
જે સજાઇ ઉરધનથી[૪] રે –
ભવ્ય જે સજાઇ ઉરધનથી !
નથી નથી તુજ જેવી, ભારત ! જગમાં અન્ય નથી !
માત હો ! ૩

જ્યાં સરસ્વતીના વાસ પુણ્યભર શોભે,
જ્યાં કવિતાદેવી સૂર ભરે નગ્મોભે,
જ્યાં લક્ષ્મીના ભંડાર જગતમન લોભે :
જે ગવાઇ વન્દનથી રે—
જગે જે ગવાઇ વન્દનથી :
નથી નથી તુજ જેવી, ભારત ! જગમાં અન્ય નથી !
માત હો ; ૪

જુગજુગમાં જયટંકાર, માત ! તેં કીધા,
તુજ આત્મપ્રકાશ[૫] અનેક પ્રજાએ પીધા,
તુજ આશ્રમના આધાર અનાથે લીધા:

---

૪ હૃદયરૂપી ધનથી, ૫ આત્મજ્ઞાનરૂપી પ્રકાશ,

તું તવાઇ નિજ તનથી રે—
સદા તું તવાઈ નિજ તનથી :
નથી નથી તુજ જેવી, ભારત ! જગમાં અન્ય નથી !
માત હો ! ૫

શું ત્રીશ ક્રોડ અમ જીભ ગાય ગુણ ત્હારા !
ઉર ઉરમાં વાગી ઘંટ કરે રણકારા,
અમ સદન સદન પડછંદ[૬] ભરે કંઇ ન્યારા !
દે વધાઈ દર્શનથી રે—
માત ! દે વધાઇ દર્શનથી !
નથી નથી તુજ જેવી, ભારત ! જગમાં અન્ય નથી !
માત હો ! ૬

અમ આતમ આતમ સન્દેશ લઈ તુજ ફરશું,
તુજ નવચેતનના ભેખ ધરી ઉર ભરશું,
મુખ ધરી પુણ્યભર નામ જીવશું મરશું !
તું જડાઇ જીવનથી[૭] રે—
માત ! તું જડાઈ જીવનથી !
નથી નથી તુજ જેવી, ભારત ! જગમાં અન્ય નથી !
માત હો ! ૭

—ખબરદાર.

---

૬ પ્રતિધ્વનિ, ૭ જીવનની સાથે.

૪૫. પ્રકાશનાં પગલાં

૧

પ્રભુની મોંઘી, ઓ માતા !
ઓ સુન્દરતાની કુંજ !
તુજ નિર્મળ તે સુખશાતા[1]
વ્હેશે ક્યારે નવગુંજ[2] ?
તુજ દૈવી પુણ્યપુરાણ પ્રભાનો[3] કરવો પુનરુદ્ધાર,—
ઓ ભારતમાત ! વિચાર !

૨

તુજ પ્રજા બધી આ ઉભી
વરવા[4] નવરંગ પ્રભાત;
સહુ મોહ ગયા તમ ડૂબી,
ને વીતી ગઇ છે રાત :
આવે પગલાં શુભ નવજીવનનાં, ઊઠ, જગતને કાજ—
ઓ ભારતમાતા ! ગાજ !

૩

દોરવ અમને સદ્ધર્મે,
દોરવ અમને સત્પંથ;
નિર્ભયતા ભર અમકર્મે,
ને શૌર્ય અખંડ અનંત:

૧ સુખ શાન્તિ દેનાર, ૨ નવું ગુંજન, ૩ પ્રકાશ, ૪ પર આશક થવા,

સાતે આકાશ પડે શિરપર પણ હઠિયે ના તલપૂર !—
ઓ ભારત ! બન બહાદૂર !

૪

અરધી દુનિયા રહે તાકી,
તુંજને કરવા સ્વાધીન[૫];
ખખડાવે શસ્ત્ર તુમાખી,
સમજી અમને બળહીન :
પણ અર્ધ જગતશું બાથ ભરી તુજ કાજે મરશું વીર—
ઓ ભારત ! ધરજે ધીર !

૫

જુગજુગની વીર્યસમૃદ્ધિ,
જુગજુગનું તેજસ સત્ત્વ;
તુજ ઉંડી આત્મનસિદ્ધિ,
જે પામી જગનું તત્ત્વ:
તે કરી સચેતન ફરી જગવશે જયધ્વુન તુજ સંતાન,—
ઓ ભારત ! થા બળવાન !

૬

જગ ભલે અસત્યે જીતે,
જગ ભલે અધર્મ[૬] તણાય;
તુજ અંતરતેજ સુરીતે,
તું જાળવ એ તમમાંય:

---

૫ પોતાને હસ્તક, ૬ અધર્મમાં,

છે તોલવું દેવાંગણુમાં[7] દાનવ–માનવને યુદ્ધ—
ઓ ભારત ! રહેજે શુદ્ધ !

૭

તુજ ઉન્નત તીર્થદ્વારે,
જગને કરવી મહેમાન;
રેલવવાં નવ–અવતારે,
જુગજૂનાં ઉરનાં ગાન :
સાગર સાગરની લહરીઓ શું ઉર ઉર ઉછળે આશ,—
ઓ ભારતમાત ! પ્રકાશ !

૮

ઓ માત ! અમે સહુ ત્હારા,
તુજ કીર્ત્તિ અમારૂં સર્વ;
રજની[8] ભરતા[9] જ્યમ તારા,
રાખે રજનીનો ગર્વ :
દે હાક ! અને ખૂણેખૂણેથી ધસશું હારોહાર !—
ઓ ભારતમાત ! પુકાર !

—ખબરદાર.

---

૭ દેવને દ્વાર—સત્ય અને ધર્મની કસોટીએ, ૮ રાત્રિ, ૯ ને ભરી નાંખતા.

૪૬. શૌર્યનાં સ્મરણ

સિંહતણાં સંતાન, તમે હો ! સિંહતણાં સંતાન !
દૂધ તમે જે ધાવ્યા તે તો હતું [1]અમીરસપાન :
અરે હો ! હતું શૌર્યરસપાન,—
ખરે હો ! કરે મગજ મસ્તાન;
ભલા હો ! ગાજો[2] સિંહ સમાન !
કરો વીર ! જયો જયોજી !—(ધ્રુવ)

આર્યભૂમિના વીર ! તમે હો ! આર્યભૂમિના વીર !
નથી કાયરા કાયલજીવતા, હતા બધા રણધીર :
અરે હો ! હતા સુભટ રણધીર;
નસે હો ! નથી નમાલું નીર,
હવે હો ! મૂકો કોરે શીર !
કરો વીર ! જયો જયોજી !—સિંહતણાં૦ ૧

ગડગડ ગાજે મેહ, ઉપર હો ! ગડગડ ગાજે મેહ,
હૃદય કેસરીનું ચીરાતાં ઉછળી પાડે દેહ,—
અરે હો ! આભ[3] ઉછાળે દેહ;
કરે હો ! કાણુજ બીજું એહ,
ભલા હો ! એ જ ટેકની [4]લેહ !
કરો વીર ! જયો જયોજી !—સિંહતણાં૦ ૨

---

૧ અમૃતપાન, ૨ ગરજો, ૩ ગગનપર્યંત, ૪ તાલાવેલી–સાચો પ્રેમ,

નયન નયનમાં ઝાળ ભરે[5] હો ! વીર બની વિકરાળઃ
સિંહમૂછ પકડી શું જાશે ! એ નવ હોય શિયાળ !
અરે હો ! સિંહ ન હોય શિયાળ,
હરે હો ! પ્રાણ બની [6]રિપુકાળ;
ભલા હો ! ભરો ગરજતા ફાળ !
કરો વીર ! જયો જયોજી !—સિંહતણું૦ ૩

પડે કારમી ચીસ, ઢળે હો ! ત્યાં કાયર દશશીશ;
વીર પડે તૂટી જ્યાં ત્યાં તો રહે ક્યિે ધડ શીશ ?
અરે હો ! ઉડે હજારો શીશ,
ડરે હો ! રણ ના કો [7]હરગીસ;
ભલા હો ! સાહ્ય કરે જગદીશ !
કરો વીર ! જયો જયોજી !—સિંહતણું૦ ૪

છો ઘેટાં દશ લાખ, ભલે હો ! જો ઘેટાં દશ લાખ !
વાઘ એક વકર્યો પડશે ત્યાં કોણ બચી દે [8]શાખ ?—
અરે હો ! બચે ન દેવા શાખ,
મરે હો ! રોળાતાં થઇ ખાખ :
ધરો હો ! વીરતણો અભિલાખ !
કરો વીર ! જયો જયોજી !—સિંહતણું૦ ૫

હું જ કેસરી એક, વને હો ! હું જ કેસરી એક :
એ અભિમાન અનેરૂં, વીરા ! સંકટ હણે અનેક,—

૫ અગ્નિ ભભૂકે ૬ દુશ્મનના પ્રાણના કાળ બની, ૭ હરગીજ-કદીયે, ૮ અસંખ્ય સંહારની સાક્ષી પૂરે.

અરે હો ! અરિને હણે અનેક,
મરે હો ! કે મારે એકેક[9] !
ભલા હો ! રાખો ભારત ટેક !
કરો વીર ! જયો જયોજી !—સિંહતણાં૦ ૬

કરો જાન કુરબાન, બંધુ હો ! કરો જાન કુરબાન !
સ્વદેશનું કલ્યાણ પ્રથમ કે મૃત[10] કાયાનું ભાન ?
અરે હો ! ના કાયાનું ભાન,
ધરે હો ! જે ઉરમાં અભિમાન,
ભલા હો ! એ જ શૂરનું તાન !
કરો વીર ! જયો જયોજી !—સિંહતણાં૦ ૭

જય શૂરા સામંત, ધસો હો ! જય શૂરા સામંત !
હિમતે મરદાં મદદ ખુદા દેઃ ચિંતા ન ધરો [11]ચંત !
અરે હો ! ચિંતા શાની ચંત ?
ખરે હો ! [12]તિમિરતણો છે અંત,
ધસો હો ! ગાતા ફાગ વસંત !
કરો વીર ! જયો જયોજી !—સિંહતણાં૦ ૮

—ખબરદાર.

---

૯ એક એકને, ૧૦ ક્ષણભંગુર, ૧૧ ચિત્તમાં, ૧૨ અંધકાર.

૪૭. રત્નહરણ*

કોણ દુષ્ટ આવ્યો અહિં, વીરા ! કાળજ દીધું કોરી ?
કોણ અમારૂં અણુમોલું તે રત્ન ગયો છે ચોરી ?

ગોરી સ્વતંત્રતા હો ?—(ધ્રુવ)

હસતું ઘર અમ રડતું કીધું, શૂન્ય બધું અહિં લાગે;
કોણ ફરી વસતું તે કરશે તેજ પનોતા પાગે ?

ગોરી સ્વતંત્રતા હો ?—કોણ૦ ૧

મંત્ર તંત્ર કંઇ કામ ન આવ્યાં, શસ્ત્ર પડયાં જ નકામાં;
છળબળથી હા કો પલકારે ગયો હરી એ શ્યામા :

ગોરી સ્વતંત્રતા હો ?—કોણ૦ ૨

વન વન ઢુંઢયાં પણ ન મળે કહિં, પડયાં વદન સહુ હેઠાં :
મધુર સખી ! રે આપણ વચ્ચે આ શાં જબરાં છેટાં !

ગોરી સ્વતંત્રતા હો ?—કોણ૦ ૩

કાળો કર દુર્ભાગ્યતણો ક્યાં છેક હજી છૂપાવે ?
કિયા શોકવનમાં પૂરીને રાક્ષસ બિચ ઝૂરાવે ?

ગોરી સ્વતંત્રતા હો ?—કોણ૦ ૪

નરવાનરનાં જૂથ મળે ક્યાં, ક્યાં હનુમાન અમારો ?
અંગદ સેવક કોણ બનીને દે સન્દેશો પ્યારો ?

ગોરી સ્વતંત્રતા હો ?—કોણ૦ ૫

કોણ પાજ બાંધી સાગર પર, નહિ કીધું તે કરશે ?
રત્ન અમારૂં મળશે પાછું, તોજ હૃદય અમ ઠરશે :

ગોરી સ્વતંત્રતા હો ?—કોણ૦ ૬

જ્યાં એ છે ત્યાં જનનું જીવન, નહિ ત્યાં મૃત્યુજ સારૂં :
એ વિણ રામ અદલ ક્યાં રહેશે ? આંખ વિના અન્ધારૂં ?

ગોરી સ્વતંત્રતા હો ?—કોણ૦ ૭

—ખબરદાર.

૪૮. વીર જાગો*

વીર જાગો જાગો રે.

હિન્દ રડત દુઃખથી હાય,
હૃદય તમ શું નવ ચીરાય;
માત રૂદન કયમ ખમાય,
સુજન જાગો જાગો રે.

કાન્ત વદન કરમ્યું હાય,
અબલ બનેલ ધ્રુજત પાય;
કમર કઠિન નવ રખાય,
શો સજેલ વાગો રે.

છિનભિન્ન શી જણાય,
અનુપમ માત હિન્દ હાય;
રાત દિન ક્ષીણ થાય,
તદપિ શું ન દાઝો રે.

રિબત માત કયમ રૂંધાય,
ભવ્ય મનન કરી સદાય;
અધમ દ્વેષ પકડી પાય,
હિન્દ ઐક્ય સાધો રે.

રમ્ય દિવ્ય લો ઉપાય,
યત્નમાં છો જીવ જાય;
હામ તો પ્રભુજી સ્હાય,
વીર જાગો જાગો રે.

—વસંતવિનોદી.

૪૯. જય ! હિન્દ બાલ આપણુ હો !*

અયે ! હિન્દ બાલ આપણુ હો !
જય ! જય ! હિન્દ બાલ આપણુ હો !
ક્યમ અનગન હૃદય ન નાચી રહે !
ક્યમ રગરગ રકત ન કૂદી વહે !
ક્યમ યોગ્ય ખુમારી ન શીર ચહે ?
બસ હિન્દ બાલ—૦—અયે—૦

ભલે મૂઢ કો હિન્દ નમાલી કહે,
ભલે અવગુણુ કો ભલી હિન્દ લહે,
પણુ દિવ્ય ભૂમિ આ એકજ છે,
તે હિન્દ બાલ—૦—અયે—૦

ભાઇ હિન્દ સમી રમ્ય બીજી કહી ?
મૃદુ વિશ્વ ખુશી હસી હીંચી અહીં,
સુરી સાત્વિક લહર શીત સીંચી રહી,
તે હિન્દ બાલ—૦—અયે—૦

સૌ ધર્મી આવો હળી મળીએ,
નૂરે-હિન્દ ઝળળવા પણ લઇએ,
કયમ મહિંમહિં કાપી લડી મરીએ,
સૌ હિન્દ બાલ—૦—અયે૦

કદી નિજ—હિતી કો લડવા પટવે,[1]
ચૂર નયન—શરે કરીએ શઠને,
ગિરિ નિશ્ચયથી વદી હર ડગલે,
સૌ હિન્દ બાલ—૦—અયે—૦

સૌ આવો આવો પણ લઇએ,
કયમ ભીરૂ બની પાછા પડીએ,
છો પ્રાણ પળે નહિ પીઠ ધરીએ,
જય ! હિન્દ બાલ—૦—અયે—૦

—વસંતવિનોદી.

---

૧ પટાવે-સમજાવે.

૫૭. અમ્હે તો ભરતભૂમિના બાળ

અમ્હે તો ભરત ભૂમિના બાળ,
અમોને કેવલ એ પર વ્હાલ,
નિરંતર કેવલ એ પર વ્હાલ.
અમ્હે તો૦

સ્વર્ગ સમી પરભૂમિ[1] સુન્દર ભલે રસમાં રમનાર;
અમ અન્તરમાં એને તેજે પગભર નહીં ચમકાર.
અમ્હે તો૦

રંક ભલે રહી માત અમ્હારી તદપિ તે અમ પ્રાણ;
હૈયાંગેલ[2] સલૂણાં દેતી શીખવી ઉન્નત ગાન.
અમ્હે તો૦

અવર ભૂમિની ભૂરકીમાં નહિ ભરત અમ્હે ભૂલનાર;
પરમાતાનાં લાડ લૂખેરાં તે શૂં દુઃખ દળનાર.
અમ્હે તો૦

અનેર[3] વ્રત કંઇ અમ્હે ઉજવીશું ઝગતા સુર ઝમકાર;
ઉષા સમી બસ ભરત હસાવી જગવીશું જયકાર.
અમ્હે તો૦

—વસંતવિનોદી.

---

૧ પારકી ભૂમિ, ૨ ગેલભર્યા-હૃદયસ્પર્શી, ૩ અનેરાં,

૫૧. સ્વદેશની દાઝ

છે શું કોઈ માનવી જીવનો અચેત[1] એવો,
જેને નથી જાગીઆ કદીએ મનમાં ભાવો.
જેણે કદી અંતરે એહવું કહ્યું નથી કે
આ મારી ખુદ—મારી આ માતૃભૂમિ છે ?

ભમી ભમી પરભોમ કિનારે પ્રવાસી જ્યારે
નિજ પગલાં નિજ ભોમ ભણી તે વળતી વાળે,
જરા કદી એ ઘેર જતાં એ અમુલખ અવસર
છે શું કોઇ એહવો દાઝયું[2] નવ જેનું અંતર ?

જો એવો કો હોય, જાવ ને નિરખો ત્હેને
કદીય એવા કાજ બિરદ[3] કવિનાં નહિ ગાજે,
હો મોટા ઇલકાબ, નામ હો મહાન એનું
પરિપૂરણ કામના, ભલે હો અઢળક નાણું.

એ ઇલકાબો છતાં, છતાં સત્તાને પૈસો
એ પામર નીચ જન્તુ જગત બધું [4]નિજમાં જોતો.
આ જીવતર માંહી તો સુકીર્ત્તિ સઘળી ખોશે
પડી મૃત્યુ મુખ, નામ નિશાન સમેતજ જાશે.

જે માટીનો હતો તેજ હીણી માટીમાં
વણ કીર્તિ, વણ શોક, ગવાયા વિના [5]ગીતોમાં.

—સ્વ. હરિલાલ ધ્રુવ.

---

૧ ચેતન રહિત, ૨ માતૃભૂમિના પ્રેમથી દાઝી ઉઠયું, ૩ બિરદાવલી, ૪ પોતામાં સમાઇ ગયેલું, ૫ કવિતામાં—કાવ્યમાં.

૫૨. સ્વદેશ પ્રીત

કપરૂં પણ પાજોરે, સ્વદેશ પ્રીતિ પાજોરે.
છે કોઇ એવા ઉગ્ર પ્રતાપી, કરે સંકલ્પ સવારે;
દિન ભરમાં[1] મુજ ભરતનું કરવું કલ્યાણ આટલું મારે—કપરૂં૦

છે કોઇ ટેકી નેકી એવા સુતા પહેલાં વિચારે;
આજ શું કીધું દેશસેવાનું કાર્ય અલૌકિક ભારે—કપરૂં૦

આપ મદદ વિણ કાંઇ ન સરશે, વિના સ્વબળ નહિ ફળશે;
એક મરણીઆ સોને ભારે, કાયર કોડ રઝળશે—કપરૂં૦

ધર્મ અર્થ મોક્ષ કામ: માટે પ્રથમ સુખાશ્રમ જોઇએ;
આધિ વ્યાધિ ઉપાધિ નિવારણ શાંત સમાધિએ [2]સોહીએ.
—કપરૂં૦

મારી ભૂમિ મારી ભૂમિ-એમ અહંપદ[3] વચનો;
વદી વદી કૃતિ આચરતા શત[4] જો, સો[5] પરતંત્ર ભરત તો ?
—કપરૂં૦

---

૧ આખા દિવસમાં, ૨ જોઇએ, ૩ અહંભાવભર્યા,
૪ સો માણસ, ૫ શાનો હોય.

ભીમાર્જુન, પૃથુ, કૃષ્ણ, રામની ભૂમિ ભરત શું [6]વંધ્યા?
નહિ નહિ હરિ ધાયલ પણ સિંહણ કેસરીજનની[7] [8]અવંધા.
—કપરું૦

—સ્વ. હરિલાલ વ.

૫૩. જય જય બોલો હિન્દુસ્તાન !*

હર હર હર મહાદેવ પુકારો, અલ્લાહુ અકબર રહેમાન,
હિન્દુ મોસલીમ એક થઇને, જય જય બોલો હિન્દુસ્તાન !

આ ભૂમિ આપણી દેશ આપણો, એ પર જાન કરો કુરબાન,
ત્રીસ કોટિ ભારતનાં તનુજો જય જય બોલો હિન્દુસ્તાન !

એક કુટુંબી ભાઇ આપણે, માતા ભારતનાં સંતાન,
હિંદુ, પારસી, મુસલમીન સૌ, જય જય બોલો હિન્દુસ્તાન !

મંદિર, ને મસ્જીદ બન્ને છે, ઇશ્વર કેરાં ઉંચાં ધામ,
ભાઇ ભાઇમાં ભેદ ન હોવે, જય જય બોલો હિન્દુસ્તાન !

પુનઃ આપણી ભારતમાતા જગમાં પામે ઉંચું સ્થાન,
વિશ્વ સકળની ધર્મ માત એ, જય જય બોલો હિન્દુસ્તાન !

---

૬ વાંઝણી, ૭ શૂરવીરોની, ૮ વંદન વિનાની—ભક્તિ વિનાની.

એક નેક ને એક ટેકથી, કરો એકતા કરૂં પાન,
રગ રગમાં સત્યાગ્રહ રેડી, જય જય બોલો હિન્દુસ્તાન !

ધમ ધમ ધમ ધમ ધરા ધ્રુજાવો, ફરકાવો ઉંચા નિશાન,
સ્વરાજ્યના ડંકા ગગડાવી, જય જય બોલો હિન્દુસ્તાન !

દૈવી–યુદ્ધના શાંત સૈનિકો, સ્થૂળ બળનું હરવા અભિમાન,
સ્વાર્પણ કેરાં શસ્ત્ર સજીને, જય જય બોલો હિન્દુસ્તાન !

તલવારો, બંદુક, ભાલાથી, ઉંચાં છે આત્માનાં સ્થાન,
શરીર પડે પણ એતો અમ્મર, જય જય બોલો હિન્દુસ્તાન !

વિજયમાળ લઇ સ્વર્ગ સુંદરી, તત્પર છે કરવા સન્માન,
માતૃવેદિમાં પ્રાણ અર્પીને, જય જય બોલો હિન્દુસ્તાન !

હર હર હર મહાદેવ પુકારો, અલ્લાહુ અકબર રહેમાન,
હિન્દુ મોસલ્લીમ એક થઇને, જય જય બોલો હિન્દુસ્તાન !

—ચંદુલાલ દેસાઇ.

૫૪. ટિળકનો દેહોત્સર્ગ*

તૂટયા વીણા તાર, ગીત થતાં બસૂરાં હવે;
નયણે નીતરે ધાર, હૈડું હિન્દ તણું દ્રવે :
પાર્ષદ[1]! આમ અકાળ, પ્રેર્યો શીદ તુજને પ્રભુએ ?
જતાં કેસરી બાળ, નન્દનવન ઉજ્જડ દીસે !
ભર વર્ષામાં ગ્રીષ્મ, તપવી તેં અમ તપ ઉણે;
ભરતખંડમાં ભીષ્મ, છાજ્યો ના અધુરાં પુણ્યે !
ઉલટયો ભરતી ઓટ, ડોલી નૌકા દેશની;
પડી ખોટમાં ખોટ, મુરાદ શી પરમેશની !
ખીલવ્યાં સ્વરાજ્યઅંગ, 'સ્વ–હક્ક' મંત્ર ફૂંકયા મહા;
દીઠા ન પાક પ્રસંગ, ને ટિળક દેવજ થયા !
ગાજે ઘન સમ વીર, ઘણાય નેતા નામના;
નિધિસમ તમ ગમ્ભીર, અમર સ્મરાશે નામના :
મેઘઘટા ઘનઘોર, છાઇ રહેશે સૃષ્ટિને;
ઉજ્જવલ તવ સ્મૃતિ દોર, ચેતન પાશે દ્રષ્ટિને:
તપાવશો તમ તેજ, સૂર્ય શશિનાં નૂર સહે,
નિજ આદર્શ વડેજ, અમ જીવન ઉજ્જવલ વહે.
પ્રફુલ્લ પુષ્પ સમાન, સુગન્ધ દઇને સંચર્યા;
જન્મ્યું જીવ્યું પ્રમાણ, યશ, શાશ્વત શાંતિ વર્યા !

—કેશવ હ. શેઠ.

---

1 ઈશ્વરનો દૂત.

૫૫. ભારતનાં યશોગાન

ગાઓ તે ભારતનાં યશ ગાન :
ધર્મ, સત્ય ને પ્રેમ પુણ્યભર, દિવ્ય ધરા રસ ખાણ;
એક ને અભેદ્ય એ રસ ખાણ :
ધન્ય, ધન્ય ભારતનાં સંતાન !
—ગાઓ.

પવિત્રતા, સૌન્દર્ય, જ્ઞાનનો અવિચળ જે ઉદ્યાન ;
ઇન્દ્રનો અવિચળ જે ઉદ્યાન :
રૂડાં તેનાં વીણવાં ફુલ–પાન !
—ગાઓ.

વીર, કવિ, કોવિદ, ઋષિ, મુનિ જ્યાં સંત, મહંત મહાન;
અમર જ્યાં સંત, મહંત મહાન:
સતત જ્યાં દયા, ક્ષમાનાં દાન !
—ગાઓ.

રક્ષિત [1]રત્નાકર, ગિરિવરથી, અવર ન એહ સમાન;
દેશ કો અવર ન એહ સમાન:
મનોહર કુદરતનાં જ્યાં સ્થાન !
—ગાઓ.

---

[1] સમુદ્ર,

રત્ન રમ્યાં જે જનની ગોદે, રામ, કૃષ્ણ, હનુમાન;
પૂજ્ય જે રામ, કૃષ્ણ, હનુમાન:
બુદ્ધ, શંકરનાં ગરવાં જ્ઞાન !
—ગાઓ.

રત્ન સમી રજ[૨] અંગ લગાવે, ભૂતનાથ [૩]ભગવાન;
ઓલિયા ભૂતનાથ ભગવાન :
અમારા આળોટે ત્યાં પ્રાણ !
—ગાઓ.

લક્ષ્મણ, અર્જુન, ભીષ્મ પિતામહ, બ્રહ્મચારી બળવાન;
પિતામહ બ્રહ્મચારી બળવાન :
ભોમ પરભોમે જેનાં માન !
—ગાઓ.

બ્રહ્મ તેજ ભર એજ ભૂમિ પર, તન, મન, ધન, કુરબાન;
અમારાં તન, મન, ધન કુરબાન :
જનનીના જય-હિતમાં મસ્તાન !
—ગાઓ.

—કેશવ હ. શેઠ.

---

૨ ભભૂતિ, ૩ શંકર ભોળાનાથ.

૫૬. જગાવો ભારતને કીરતાર!

જગાવો ભારતને કીરતાર !
રામ સમોવડ શાસક શોધું પયગમ્બર અવતાર,
મુગ્ધ બને જેના શાસનને જોઈ વિશ્વ-સંસારઃ
—જગાવો.

હે બળપ્રેરક અભિભદ્રવીર[1], યત્ન સ્વદેશોદ્ધાર;
ક્ષુધા, તૃષા ઉર તાપ ટળે ને પીગળે જીવનભાર !
—જગાવો.

ધનિક જાગે, કોવિદ જાગે જાગે ખેતીકાર;
જાગે જનની, બાલ, બાલિકાઃ સજે સ્નેહ કલ્યાણઃ
—જગાવો.

ભરતખંડના અમિત ભેદો ભેદી, સરજનહાર !
સમસ્ત હિન્દી કરે ઐક્યથી સ્વરાજ પદસંચારઃ
પ્રભો ! અમ સ્તુતિનો આ સાર.
—જગાવો.

—કેશવ હ. શેઠ.

---

1 કૃષ્ણ.

૫૭. જય જય મા મ્હારી !

સ્વર્ગંગંગા સેંથો મા ત્હારો,
માનસસર શિરમણિ રૂપાળો,
ભાલ–ત્રિવલિ વિમલ હિમ–હારો,

જય જય મા મ્હારી !

ઝુલે જાહ્નવી સિન્ધુ કાને,
રેવા મહાનદી કટી સ્થાને,
કાવેરી તોડા ઠેકાણે,

જય જય મા મ્હારી !

રામેશ્વર એડીએ ચળકે,
પુરી દ્વારિકા કાશી ઝળકે,
મા તારી વાણીની ઠળકે,

જય જય મા મ્હારી !

સમશૂલ પંજાબ એક કર,
પરશુ અરવલ્લી બીજે કર,
તેગ લટકતી સહ્યાદ્રી કટી પર,

જય જય મા મ્હારી !

રામ સૌમ્ય તુજ દગ પલકારો,
બુદ્ધ ઉદધિઉરનો ધબકારો,
ગુરૂ ગોવિન્દ પ્રકોપ ફુંફાડો,
જય જય મા મ્હારી !

ભક્તિ–ગાન–ધ્રુનિ માને વ્હાલી,
એ સ્વરબ્રહ્મ વિષે લે તાળી,
અગણિત માની સન્ત–પ્રણાલી,
જય જય મા મ્હારી !

દિવ્ય ચક્ષુ જ્યારે મા ખોલે,
જ્ઞાન–સમાધિ–પ્રકાશજ ઢોળે,
વ્યાસ પતંજલી શંકર બોલે,
જય જય મા મ્હારી !

શું શું મા તુજ સ્તવું વખાણી,
યુગ યુગ રાજ રતનની ખાણી,
અશોક અકબર વિજયા રાણી,
જય જય મા મ્હારી !

—બળવંતરાય ક. ઠાકોર.

૫૮. મહજ્જનપૂજન

આવો અમારા દેશમાં પૂજન તમારું થાય છે,
સર્વસ્વ જેના સ્વાર્થનો રસ દેશમાં વહી જાય છે. આવો.

જેણે ફકીરી આદરી પરમાર્થ જેનો સ્વાર્થ છે,
તે સત્ય વાણી અભયવરદા[1] એકલો પૂજાય છે. આવો.

જેનું હૃદય ધડકી રહ્યું નિજ દેશના ધડકારમાં,
એ પુનિત સુંદર હૃદયવરનું પ્રેમ પૂજન થાય છે. આવો.

જેણે ગણ્યું આ જીવિત સરખું તુચ્છ પરદુઃખ આગળે,
પરમેશ દિવ્ય મનુષ્ય એકજ એજ અહિં પૂજાય છે. આવો.

જેને હજારો દુઃખ દેશની અર્થે પુષ્પ સમાન ને,
એ પુષ્પના ભરગુચ્છની મૃદુમાળમાં મ્હેંકાય છે. આવો.

તે વીર ધીર મહન્ત પ્રેમી આવજો અમ મંદિરે,
જ્યાં લોકરાજ પ્રતાપનું* છે આદર્યું પૂજન અમે. આવો.

કુંકુમ ભર્યે પગલે પધારી આંગણું પાવન કરી,
અમ ગરીબ જનના હૃદયને અભરે[2] ભરો અમીધારથી. આવો.

—મગનભાઇ પટેલ.

---

૧ અભયવર દેનાર, ૨ ટોચાટોચ.

* 'હિન્દના દાદાતણું', એમ પણ ગવાય છે.

૫૯. એ જોગીરાજ

---

(૧)

જોયા જગત્ ઘૂમી એક જોગીરાજને,
પુરાતન ભારતને ચોક : અલબેલડી !
જનનીએ દીધ એવા એક જોગીરાજને:
જગવ્યા જેણે ચૌદ લોક : અલબેલડી !
જોયા જગત્ ઘૂમી એક જોગીરાજને.

કરણે સુણ્યા'તા સાચા એક જોગીરાજને,
મુખડે જેને બ્રહ્મ બોલ : અલબેલડી !
હ્રદયે પૂજ્યા'તા પૂજ્ય એક જોગીરાજને !
તપના ત્રિખંડ રવિ તોલ : અલબેલડી !
જોયા જગત્ ઘૂમી એક જોગીરાજને.

જાણ્યા'તા જીવી જીવન એક જોગીરાજને,
ભર્યાં અમૃતે જેનાં ઉર : અલબેલડી !
નિરખ્યા—એ પરખ્યા મુજ દેશ જોગીરાજને;
નયણે જેને વીજ—નૂર[1] ; અલબેલડી !
જોયા જગત્ ઘૂમી એક જોગીરાજને.

---

૧ વિજળીનો ચમકાર,

(૨)

દીઠા સખી ! મીઠા એવા એક જોગીરાજને,
બુદ્ધ શા વિશુદ્ધ દયા—રેમ ! અલબેલડી !
જાણ્યા-મનમાન્યા તપસિદ્ધ જોગીરાજને;
જીવને ગુંથેલ કૃષ્ણ—પ્રેમ : અલબેલડી !

જોયા જગત્ ઘૂમી એક જોગીરાજને.

રસના અખંડ રટે એક જોગીરાજને,
નીતિમાં રામના નિવાસ : અલબેલડી !
શ્વાસે વસાવ્યા રૂડા એક જોગીરાજને;
ઝીલ્યા જનકશા સંન્યાસ : અલબેલડી !

જોયા જગત્ ઘૂમી એક જોગીરાજને.

જીવને જડેલ સખી ! એક જોગીરાજ એ,
બ્રહ્મચર્યે ભીષ્મ ભડવીર : અલબેલડી !
મર્ત્યપુરીમાં[૨] અમર એક જોગીરાજ એ;
સત્યે હરિશ્ચન્દ્ર હીર : અલબેલડી !

જોયા જગત્ ઘૂમી એક જોગીરાજને.

---

૨ પૃથ્વી પર,

(૩)

દેહે મઢેલ દેવ એક જોગીરાજ એ,
ચરિતે સુવર્ણ શા વિશુદ્ધ : અલબેલડી !
ધર્મે ધેનુશા[૩] નમ્ર એક જોગીરાજ એ;
શૌર્યે સિંહણુ પીધ દૂધ : અલબેલડી !
જોયા જગત્ ઘૂમી એક જોગીરાજને.

શાને પૂજીશું સખી ! જન્મ–જોગીરાજને?
ઘોળ્યાં કુંકુમ કનકથાળ અલબેલડી !
શાને વધાવશું એ વિશ્વજોગીરાજને ?
ગુંથી નભ–તારકની માળ : અલબેલડી !
જોયા જગત્ ઘૂમી એક જોગીરાજને.

જોગી, પરભોગી લૂખાં ભૂષણે નારાજ એ,
જોગીને વ્હાલો જીવનભોગ: અલબેલડી !
મુક્તિને પન્થ એવા એક ગાંધીરાજ એ;
સનાતન ભારતને ચોક : અલબેલડી !
જોયા બ્રહ્માંડ ઘૂમી એક જોગીરાજ એ.

—કેશવ હ. શેઠ.

---

૩ ગાય જેવા.

૬૭. ગાંધીનું ગુજરાત

ગાંધીનું ગુજરાત, ગણાયે,
ગાંધીનું ગુજરાત !
ગુર્જર દેશે વિરલ મૂર્તિ એ વિમલ સરલ સાક્ષાત,
દર્શનથી કંઇ ચેતન પ્રકટે જોતાં એની જમાત;
જેમાં સાચા સાધુઓ ભ્રાત:
ગાંધીનું ગુજરાત !

સાબરમતીના સુન્દર તટપર પ્રકટયું નૂતન પ્રભાત,
મોહન તુજ સત્યાગ્રહ બંસી સૂર સુણી સહુ જાત;
કરે મીઠી ઐકયની વાત:
ગાંધીનું ગુજરાત !

દેશભક્તિ તે રાજ્યભક્તિની સાચેસાચી વાત,
નિર્ભયતા ને સત્ય વચનની દિક્ષા દઇ રહે તાત;
બનાવ્યું નવું ગુજરાત:
ગાંધીનું ગુજરાત !

—ગોકુળદાસ રાયચુરા.

૬૧. એ કોણ ?

એ કોણ છે જે જાગ્યો ?
જેહેણે સહુને જગાડયાં ?
એ કોણ છે જે છૂટયો ?
જેહેણે સહુને છોડાવ્યાં ?

જે તરી શકે તે તારે,
જે જીવી શકે તે જીવાડે;
એ કોણ છે જે એવો ?
જેહેણે સહુને જીવાડયાં ?

જે હસી શકે તે હસાવે,
જે નમી શકે તે નમાવે;
એ કોણ છે જે એવો ?
જેહેણે સહુને નમાડયાં ?

જે સાધી શકે તે સધાવે,
જે જીતી શકે તે જીતાડે;
એ કોણ છે જે એવો ?
જેહેણે સહુને જીતાડયાં ?

એ કોણ છે જે જાગ્યો ?
જેણે સહુને જગાડયાં ?

—ગોકુળદાસ રાયચુરા.

૬૨. મનમોહન બલિહાર ગાંધીજી !

મનમોહન બલિહાર ગાંધીજી !
સૂર સૈન્ય[1] સરદાર ગાંધીજી !
નૂતન યુગ ઘડનાર ગાંધીજી !
દૈવી તેજ ચમકાર ગાંધીજી !

ગુર્જરી કુંજે ગાજે ગાંધી !
નંદનવન વન વાજે[2] ગાંધી !
રાજ બને વિણુ તાજે ગાંધી !
દિલ દિલ સર્વ નવાજે ગાંધી !

જગત માત્રનું નૂર ગાંધીજી !
જ્ઞાનામૃતનું પૂર ગાંધીજી !
ભારતબંસી સૂર ગાંધીજી !
દિલ દરિયે ભરપૂર ગાંધીજી !

---

૧ ટેકગણ, ૨ વેણુ વાય—મધુરી મોરલી બજાવે,

ગાય ગોપ ગોપાલક ગાંધી !
સત્યાગ્રહ સંચાલક ગાંધી !
હિંદજનોના તારક[3] ગાંધી !
જગત સર્વ ઉદ્ધારક ગાંધી !

ખાદી પ્રભુતા તોલ[4] ગાંધીજી !
આભૂષણ અણમોલ ગાંધીજી !
કુંજ કુંજ કલ્લોલ ગાંધીજી !
રાષ્ટ્ર ચેતના બોલ ગાંધીજી !

જ્ઞાન માર્ગમાં બ્રાહ્મણ ગાંધી !
રણ શુરવીર રણાંગણ ગાંધી !
વૈશ્ય કુળનું ભૂષણ ગાંધી !
શોભાવે સેવકગણ ગાંધી !

સાધુ જીવન સુહ્લાણુ ગાંધીજી !
સત્ય વચનની ખાણ ગાંધીજી !
રાષ્ટ્ર પ્રકાશે ભાણ ગાંધીજી !
ભારત જીવન પ્રાણ ગાંધીજી !

મનમોહન બલિહાર ગાંધીજી !

—ગોકુળદાસ રાયચુરા.

---

૩ તારનાર, ૪ તુલ્ય.

૬૩. સાબ્રમતી

મહદ્ ગુજરાતની ગંગા નદિ તું સાબ્રમતી !
પતિતપાવની ગંગા નદિ તું પૂણ્યવતી !—મહદ્.

ભારતનો ભાણુ[1] ઉગ્યો કાંઠે ત્હારે ભાગ્યવતી !
પ્રજાની પ્રેરણાની મહા નદિ તું સાબ્રમતી !—મહદ્.

રાષ્ટ્ર ચેતનાની બંસી સૂરે સુરવતી !
જગાડે ભારતીય સમાજને તું સાબ્રમતી !—મહદ્.

ફકીર ઉલમા ને સાધુ સર્વ જોગી જતી !
સહુ તુજ પાત કરે પૂણ્યભાવે સાબ્રમતી !—મહદ્.

મથુરાં મક્કાના યાત્રી સહુ માનવતી !
ભક્તિભે આવશે જરૂર જ્યાં તું સાબ્રમતી !—મહદ્.

નવો ઇતિહાસ ગાજે આરે ત્હારે આશાવતી !
પ્રભુ પયગામ[2] આપે જગતને તું સાબ્રમતી !—મહદ્.

ખંડે ખંડ પ્રજા સર્વ નમે ભાવવતી !
પૂકારે સર્વ શબ્દ એક ધન્ય સાબ્રમતી !—મહદ્.

—ગોકુળદાસ રાયચુરા.

---

૧ મહાત્મા ગાંધીજી અને ઉદયભાણુ, ૨ અહિંસાનો.

૬૪. ધન્ય ભૂમિ

ધન્ય ભૂમિ ગુજરાત માત તુજ ભાગ્યલેખ કંઇ ભવ્ય દિસે,
સહુ સાધુનો સાચો સાધુ[1] સાબ્રમતી જલ તીર વસે—ધન્ય ભૂમિ.

રસકસ ત્હારો ફરી બતાવા દેવલોક અહિં આવ્યો છે,
ધર્મ કર્મને સતેજ કરવા ભારતદેશ જગાવ્યો છે—ધન્ય ભૂમિ.

દિવ્ય તેજ એ દિવ્ય ફકીરી દેશ પ્રેમ પ્રકટાવે છે,
પયગમ્બરીએ પ્રભા અનેરી દીલ જ્યોત જગાવે છે—ધન્ય ભૂમિ.

ધન્ય ભાગ્ય એ કુંજ ગુર્જરી ધન્ય ભાગ્ય એ નંદનવન,
ધન્યભાગ્ય સૌરાષ્ટ્ર સુજનના જ્યાં પ્રકટે પ્રભુનાનાંજન -ધન્યભૂમિ.

મોહન ત્હારૂં નામ મીઠડું રગ રગ ચેતન લાવે છે,
સેવાના હે! સન્ત ગાંધીજી દર્શનથી મન ભાવે છે—ધન્ય ભૂમિ.

કાશી કે મથુરાંથી આજે રાજનગર[2] કંઇ એર દિસે,
સાબ્રમતી જલ લોટી લોટી[3] ગંગા યમુના આવી વસે—ધન્ય ભૂમિ.

---

૧ મહાત્મા ગાંધીજી. ૨ અમદાવાદ. ૩ ની એકેક લોટીમાં.

અભિનંદન એ રાજનગરને અભિનંદન એ સરિતા તીર,
પ્રજાવર્ગને છે અભિનંદન જ્યાં રમતા પયગમ્બર વીર—ધન્યભૂમિ.

—ગોકુળદાસ રાયચુરા.

---

૬૫. ગુર્જરી વિજય

જાગિયે દેશજન ! ઝીલિયે નવજીવન !
ચેતિયે ચતુરમન ! બ્રહ્મ ગાજે.

એક પ્રભુને શરણ અભયને [1]પરિશિલન,
સત્યને આચરણ શાંતિ રાજે.

જ્ઞાન સેવન સતત્ યજ્ઞ, તપ, દાન, વ્રત,
સર્વ કાળે સુખદ એજ આજે.

પ્રભુ મતિ જગગતિ, વીર ભારત કૃતિ,
ગુર્જરી સંસ્કૃતિ વિજય ગાજે.

ગુર્જર સુરાષ્ટ્ર જય ! અમર ચેતન હ્રદય!
સિદ્ધ સ્થિતિ સ્થલસમય યોગ રાચે !

---

૧ અભ્યાસ.

જન્મભૂમિ ગર્વબલ, બન્ધુભાવે સફલ,
લલિત પ્રગતિ સરલ વિશ્વ નાચે.
—લલિત.

૬૬. ક્યારે ? *

અમૂલા ધર્મ પૂર્વજના, ધરી દેખાડશો ક્યારે ?
પરાક્રમ વીર તનુજોનાં, કરી દેખાડશો ક્યારે ?

હતા પૂર્વે બહુ મોટા, થયા શાથી હવે છોટા ?
પડયા જે વીર્યના તોટા, ભરી દેખાડશો ક્યારે ?

કહો છો વીરપુત્રો છો, કહો છો સૌ સુપુત્રો છો;
બતાવી પાત્રતા પહેલી, તરી દેખાડશો ક્યારે ?

વડીલો યજ્ઞવેદીમાં, ધુનીને ધગધગાવીને;
જગત્ પાવન કરી દેતા, ફરી દેખાડશો ક્યારે ?

હતા દાનેશ્વરી પૂરા, કરણુ ને પાર્થ સમ શૂરા;
ચળકતા હિંદના હીરા, ફરી દેખાડશો ક્યારે ?

હમેશાં દેશહિત ચ્હાતા, હૃદયના નીરમાં ન્હાતા;
મહા બળવાન ગુણજ્ઞાતા, ફરી દેખાડશો ક્યારે !

સમરમાં કીર્તિ વરનારા, અમર નિજ નામ કરનારા;
અચળ ઉત્સાહ ધરનારા, ફરી દેખાડશો ક્યારે !

ધીરજ ને ધામ ધરનારા, વિજયની માળ વરનારા;
અરિનું હીર હરનારા, ફરી દેખાડશો ક્યારે !

પ્રતાપી રામ રણધીરા, ભરત જેવા અચળ વીરા;
ભક્ત હનુમંત સમ હીરા, ફરી દેખાડશો ક્યારે !

પ્રતાપી પાંડવો પ્રેમી, કુશળ શ્રીકૃષ્ણજી સ્વામી;
વિદુર ઉદ્ધવ સમા નેમી, ફરી દેખાડશો ક્યારે !

પ્રતાપી પ્રાણ દેનારા, પ્રજાનાં કષ્ટ હરનારા;
કસોટી તીવ્ર સહેનારા, ફરી દેખાડશો ક્યારે !

કર્યાં જે તેમણે કામો, ઉજાળ્યાં સ્વર્ગનાં ધામો;
તમે પણ એ સમાં નામો, ફરી દેખાડશો ક્યારે !

સ્વીકારી શુદ્ધ આ સેવા, પ્રભુ દઈ મોક્ષના મેવા;
દિવસ અતિ ઉજળા એવા, હરિ ! દેખાડશો ક્યારે !

—વસંત.

૧૭. ટેક નહિ મૂકું*

ભલે વજ્રો શિરે તૂટો !
હજારો તીર છો છૂટો !
પ્રબળ પાષાણુમાં કુટો !
છતાં મુજ ટેક નહિ મૂકું.

સળગતી આગમાં બાળો !
ઉછાળો ઝેરમય ઝાળો !
કરી લો ફૂંકેર છો કાળો !
છતાં પગ એક નહિ ચૂકું.

ભલે રહેંસો, દહો, કાપો,
ચહો તે રીત સંતાપો !
હજારો વેદનાં તાપો,
પ્રતિજ્ઞા પર નહિ ચૂકું.

ઉતારી ચર્મ તન ચીરો !
વહાવો લોહીની નીકો;
હજારો મોત છો વેઠું,
અધમ માર્ગે નહિ ઝૂકું.

—વસંત

૬૮. આત્મશ્રદ્ધા*

દિવાલો દુર્ગની ફાટે તમારા કેદખાનાની,
તુટે જંજીર લોખંડી તમારી આત્મશ્રદ્ધા તો.

તમારા માર્ગમાં ઉભા પહાડો યે ખસી જાશે,
બિયાબાં[1] માર્ગ દઈ દેશે તમારી આત્મશ્રદ્ધા તો.

ઉતરવા સાત સાગર જો તમારા પત્થરો તરશે,
વિના નૌકા સફર થાશે તમારી આત્મશ્રદ્ધા તો.

જવું આકાશમાં ધ્યારો ન વાયુ-યાન પાસે છો,
વિના પાંખે ઉડી જાશો તમારી આત્મશ્રદ્ધા તો.

થશે વિદ્યુત્ ને વાયુ તમારા દાસ અગ્નિ યે,
વરસશે મેહ માગ્યા જો તમારી આત્મશ્રદ્ધા તો.

હજારો રોગની જવાળા દવાના બૂંદના વિના,
બુઝાશે શાંતિ સિંચાશે તમારી આત્મશ્રદ્ધા તો.

દિગંબર સાધુના ચરણે સિકંદર શાહ નામે છે,
ગળે સૌ ગર્વ ભૂપતિના તમારી આત્મશ્રદ્ધા તો.

જીગરની બાળહઠથી તો વિઠોબા દુધ પીએ છે,
પ્રકટશે પત્થરે પ્રભુજી તમારી આત્મશ્રદ્ધા તો.

---

૧ જંગલ,

પ્રભુ પ્રહ્લાદને માટે વસેલા લોહના થંભે,
સદા સાન્નિધ્યમાં[૨] રહેશે, તમારી આત્મશ્રદ્ધા તો.

મદોન્મત્ત સિંહને વ્યાધો ઋષિના ચર્ણ ચાટે છે,
તજે હિંસારી હિંસાને તમારી આત્મશ્રદ્ધા તો.

ઝરંતા ઝેર ભુજંગો ફણાને છત્ર શી ધરશે,
તજી દે ઝેર કાતીલો તમારી આત્મશ્રદ્ધા તો.

ઉભી રહી હાથ બે જોડી વિજયદેવી ધરી વરમાળ,
તમારે કંઠ આરોપે તમારી આત્મશ્રદ્ધા તો.

—કલ્યાણજી.

---

૨ નિકટમાં.

૬૯. પંજાબ અને પરદેશી

૧

આંખ ઉઘાડો, ઉંઘ ઉડાડો, નિજ ભગ્ની જો નિરખો વ્હાલા!,
તન પર પરદેશી પહેર્યા તે ભાંડુ તણા શબની માળા;
પરદેશી પહેરી માતાના પુત્ર થઇ ક્યાં પ્રાણુ ચૂસો,
નમીએ માને વહતા માની છાતી પરે કેમ પગ મૂકો.
—આંખ.

૨

પરદેશી પહેરી પહેરીને દુષ્ટ દુઃશાસન સંગ મળી,
નિજ માત ચીર હરતા કરતાં ઝટ માટીમાં જાઓ મળી;
જે પરદેશી પશુ સત્તાએ નૂર હર્યું ઇસ્લામ તણું,
અત્યાચાર કરી અનહદ અપમાન કર્યું પંજાબ તણું.
—આ.ખ.

૩

જેને માતા ને બ્હેનોની ભર વસ્તીમાં લાજ લૂંટી,
પ્રાણ હર્યા નિષ્પાપ પ્રજાના જ્યાં સુધી બંદુક ફૂટી;
પેટે ચલાવી નાક ઘસાવી જેને દેશ સ્વમાન હર્યું,
જે વર્ણવતાં જીહ્વા લાજે એવું એવું પાપ કર્યું.
—આંખ

૪

વિણુ અપરાધે દીન જનોની કોમળ પીઠ ઉઘાડી કરી,
નિર્દય હાથે ચાબૂક ચાંપ્યા પથ્થર ઉર પણ જાય ગળી;
ભર ઉન્હાળે નવયુવકના ખુલ્લા મસ્તક પાય મૂકી,
સોળ સોળ માઇલની મજલ કરાવી એ તે કયમ જવાય ચૂકી.

—અ. ખ.

૫

ધર્મ ભૂમિની વૃદ્ધ માતા પર જે ખરવર થૂંક્યા ભૂંક્યા,
તેવાને પણ ઓથ દઇને સતી ભારતને શિર મૂક્યા;
જેણે જાહેર હિન્દુ મુસલમિન કેરી ઐક્ય ફજેતી કરી,
ભાંડુ ભાંડુમાં ભેદ પડાવા ભૂલવણીથી ભૂમિ ભરી.

—આંખ.

૬

મીઠું મીઠું કહી હિન્દજનોના બત્તાસા દીધા રણને,
અંતે બેઠી બમણી લાધી ટુકરો નાંખી આપણને;
એનાં કપડાં પહેરી હજુ કયાં એ સત્તાને દૂધ ધરો,
તોડો એ પરતંત્ર દશાને નહિંતર જીવવું ઝેર કરો.

—આંખ.

૭

કેમ ગળે ઉતરે છે હજુએ ઝેરી ગુલામીની ગોળી,
પય બદલે આપણને માગે ક્યાં પાયું ન વિષ ઘોળી?

પરદેશી કાપડના કેફે આપણુને રાખી સુતા,
પેટ ભરીને લોહી પીધું ને ઉપરથી માર્યા જુતા.
—આંખ.

૮

નાડ વિષે ધબકાર હજુ છે નવચેતન થઇને જાગો,
ભાગ્યબળે એક જોગી જડયો છે ઝાંખી કરી જડતા ત્યાગો.
—આંખ.

—હંસ.

૭૦. પંજાબના અત્યાચારો

પંજાબના ઇતિહાસને દઇ કાન સુણુજો હે વીરા,
એ દુઃખથી છાતી ચીરાશે ફાટશે વ્હાલી ધરા. પંજાબ.

ફાટી જશે પથ્થર અને વળી વૃક્ષ તુટશે મૂળથી,
રોશે જગતના માનવી પંજાબના દુઃખ સૂખથી. પંજાબ.

પંજાબના પ્રેમી પનોતા પૂત કેસરી રંગમાં,
બ્રીટીશની જીત માટે જાનોને કપાવી જંગમાં. પંજાબ.

રીફ્રુટને વળી લોનની વાતો દબાવી જોરથી,
લોકો દબાવ્યા બોલતા અધિકારીઓએ તોરથી. પંજાબ.

અવતાર માને લોક જેને હિંદીઓ પૂજા કરે,
જે માટ ગરદન હિંદીઓ સૌ પ્રેમથી આગળ ધરે. પંજાબ.

જેની ભૂમિ સેવા વિષે કીર્તિ ઉડી રહી આભમાં,
તે વીર ટિળક ગાંધીને બંધી કરી પંજાબમાં. પંજાબ.

× × ×

ખાટ[1] પાયાની નીચે પંજા દબાવ્યા જોરમાં,
કંઇ આઠને ખાટે ચઢાવ્યા જુલ્મ કીધો તોરમાં. પંજાબ.

× × ×

કર્મો કર્યા કાળાં કસાઇ દ્વેષને દિલમાં ધરી,
હાથમાં ખોસ્યા ખીલા ઢીલા[2] કર્યા ઉભા કરી. પંજાબ.

ચોપડી ચૂનો મુખે સાધુ તણે શિક્ષા કરી,
ઉભા કર્યા કંઈ [3]ધૂપમાં આ જુલ્મ જોશે શ્રીહરી. પંજાબ.

---

૧ ખાટલાના, ૨ નરમ, ૩ તાપમાં,

કર્મો થયાં કુડાં બહુ છાજે નહિ આ કાગને,
હદપાર કાઢયા માનીતા તે કીચલુ સત્યપાલને. પંજાબ.

હરકીશન દુનીચંદ જેવા બહુ રથી ને મહારથી,
તે ચૌધરી સમ કેસરી કેદી કીધા અધિકારથી. પંજાબ.

પેટે ચલાવ્યા લોકને દંડો ચલાવ્યો ત્યાં બહુ,
કહેતાં હ્રદય કંપે ઘણું જીવ્હા ગળે હું શું કહું. પંજાબ.

નાકે લીસોટા ખેંચવ્યા ભૂમિ પરે લોકો થકી,
અધિકારીઓના જુલ્મનો તો જવાબ લેશે એ[૪] નકી. પંજાબ.

માન મરજી વિણુ સલામો લોક પાસેથી લીધી,
મ.રી ઉપરથી ચાબખો ને બોલીની[૫] બંધી કીધી. પંજાબ.

હાથ પગ બાંધ્યા જનોના સ્થંભ કે કંઈ સાથમાં,
કુચા દીધા કંઇ લોકને અંગાર આપ્યા હાથમાં. પંજાબ.

× × ×

મસજીદના ઈમામનું અપમાન ખેંચી દાઢીને,
નિજ પુત્રનું આ દુઃખ કેવું કારમું છે માડીને. પંજાબ.

---

૪ શ્રીહરિ, ૫ સભાની,

ઇમામમાંથી કાંઇકને ઉભા કર્યા [૧]પેટીપરે,
બહુ દુર રાખી પેટી જેથી પાય વચ્ચેના ચીરે. પંજાબ.

નિઃશસ્ત્રને નિર્દોષપર ગોળી ચલાવી ડાયરે,
કતલ કર્યા હિન્દી હજારો હાય! ભારત હાયરે! પંજાબ.

જલીઆનવાળા બાગ આજે કાશી ને મક્કા થયું,
તે જુલ્મીઓના જુલ્મથી અંગ્રેજનું પાણી ગયું. પંજાબ.

જે માતના પુત્રે કરી સંકટ સમે સેવા ખરી,
તે હિંદમાતાના જીગરમાં ખંજરી અરે જુલ્મી છુરી. પંજાબ.

કહેતા હતા જુલ્મી ઘણા રાજ્યો મુગલ પેશ્વાતણા,
પંજાબના ઇતિહાસમાં શું જુલ્મની રાખી મણા. પંજાબ.

—વામન મુકાદમ.

---

૧ એ પેટી પર.

૭૧. રૂડો મારો રેંટીયો

રૂડો મારો રેંટીયો, એતો રણુજણુ રણુજણુ થાય. રૂડો મારો

એતો બત્રીશ લક્ષણો, એના ગુણ ગુરૂજન ગાય;
જગત હસ્ત કલાતણાં, રે જ્યાં દસ્ય અનેરાં થાય. રૂડો મારો.

પ્રથમ પ્રભૂ જગદીશ છે, બીજો પ્રભૂ ખેડુત;
ત્રીજો મારો રેંટીયોરે, જેને હાથ જગત [1]સુત. રૂડો મારો.

એને સુતર તાંતણે, બાંધ્યા રવી ને [2]સોમ;
એ વિભૂના વાદય મારે, ઉઠે નિત્ય અનાહત ઓમ. રૂડો મારો.

ઇશના કારીગીરીનું, એ પ્રથમ એંધાણ;
એ જીવન ધનવતરીરે[4] એને હાથ હજારોના પ્રાણ. રૂડો મારો.

—હંસ.

---

૧ સુતર, ૨ સૂર્ય–ચન્દ્ર, ૩, ગાવા બજાવાનું વાજીંત્ર, ૪ દેવલોકનો વેદ.

૭૨. રૂડો રંગીલો રેંટીયો

રૂડો રંગીલો મારો રેંટીયોરે બેન,
જાણે નાનીશી નાજુક મીલ જો;
ગાતી પ્રભુજીના પારણારે બેન,
કાંતુ પરોવી દીલ જો. રૂડો રંગીલો.

બાઇરે સુતારીએ[1] ઘડી દીધોરે બેન,
એનો એ મોટો ઉપકાર જો;
જુવાનીને એ જાળવેરે બેન,
વૃદ્ધાવસ્થાનો આધાર જો. રૂડો રંગીલો.

કાંતું ઝીણું ને ભરૂં કોકડારે બેન,
થાય સફળ નવરાશ જો;
દેવે દીધોરે દી કાઢણોરે[2] બેન,
આવે હૈયામાં હામ જો. રૂડો રંગીલો.

---

૧ સુતારે, ૨ દિવસ ખુટાડનાર,

રંકને આપે રોટલોરે બેન,
ઢાંકે ઉઘાડા અંગ જો;
શ્રીમંતને પરમાર્થ શીખવેરે બેન,
વળી વધારે ઉમંગ જો. રૂડો રંગીલો.

આંખને એ અતિ કેળવેરે બેન,
હાથ બને હોંશિયાર જો;
વિધવાને એ ધન વીરડોરે[3] બેન,
સધવાને સ્વર્ગ નીસાર[4] જો. રૂડો રંગીલો.

બુદ્ધિને બહુ ઝીણી કરેરે બેન,
શમ દમ શીખવનાર જો;
એવો મધુર સુર ઉચ્ચરેરે બેન,
જાણે જગપતિનો ઝણકાર[5] જો. રૂડો રંગીલો.

દેશ તણોરે એ દીવડોરે બેન,
ઘર તણો શણગાર જો;
સતયુગનું સંભારણુંરે બેન,
પુણ્ય પુરાણું હથીઆર જો. રૂડો રંગીલો.

---

૩ નદી કિનારે રેતમાં ખોદેલું પાણીનું ખાબોચીઉં, ૪ નિસરણી, ૫ પ્રભુનું સુરીલું તાન.

જેની દીવેટ દેવ દીવડેરે બેન,
એના કરી પટકુળ૬ જો;

પ્હેલાં પ્હેરાવું મારા દેવનેરે બેન,
વરસાવે આશીષ ફુલ જો. રૂડો રંગીલો.

ઇશ્વર અમારા રેંટીયારે બેન,
મંડાવજો ઘેરે ઘેર જો;

મોહન૭ મનથી નહિ મુકેરે બેન,
વાચા ઉઘાડાની મ્હેર૮ જો. રૂડો રંગીલો.

—હંસ.

---

૭૩. મ્હારો રેંટીયો*

ધીરો ધીરો ચાલેરે,
મીઠો મીઠો ગાજેરે,
રૂડો મ્હારો રેંટીયો હોજી.

---

૬ વાઘા, ૭ કૃષ્ણ અને મોહનદાસ ગાંધી, ૮ દયા.

એ રેંટીયામાં દેશોદયના નીકળે તાર,
એ તારે તારે ભાળું ભારતનો ઉદ્ધાર;
ધીરો ધીરો ચાલેરે.

ત્રાક રૂડી, પંખા રૂડા, ઉજ્જવળ એનો નાદ;
ઉજ્જવળ પુણી ઓપતી, ઉજ્જવળ મ્હારા હાથ;

દેશે મ્હારા દેશને,
ઉજ્જવળ ઉજ્જવળ સાથ;

દુઃખો સહુ હરતોરે,
નિર્ભયપણે ફરતોરે,
રૂડો મ્હારો રેંટીયો હોજી.

દયા ક્ષમા ને દીનતા, ત્રણુનો કાંત્યો તાર;
સુંદર રંગે શોભતો, દે સુખ તેહ અપાર;

મમ દુઃખીઆનો દિલાસોરે,
વિપત્તિનો વિસામોરે,
રૂડો મ્હારો રેંટીયો હોજી.

આ રેંટીયાથી, નિપજે સુંદર ખાદી રાજ;
આ રાજે રાજે, સ્વરાજ આવે છે પાસ;

ધીરો ધીરો ચાલેરે,
મીઠો મીઠો ગાજેરે,
રૂડો મ્હારો રેંટીયો હોજી.

—મનોહર.

૭૪. વહાલો રેંટીયો

સ્વતંત્રતાની સિદ્ધિરે, સ્વદેશ કેરી રિદ્ધરે;
વહાલો મારો રેંટીયો હોજી.

જેના ગુંજનમાં રામ કેરાં નામ :
જીવન કેરી શક્તિરે, જન્મભૂમિની ભક્તિરે;
એતો એકજ રેંટીયો હોજી.

શ્રદ્ધા ને એકાગ્રતા સંયમશક્તિ વિશેષ;
ધૈર્ય, ચિવટ ને શાન્તિના, આપે જે ગુણ બેશ.
જડને ચેતન કરતોરે :
વહાલો મારો રેંટીયો હોજી—સ્વતંત્રતાની૦

પરદેશી પરતંત્રતા, તોડે પળની માંહ્ય;
દે આર્થિક સ્વતંત્રતા, શાણી સુખની છાંય.
નિર્ધનીઆંનો બેલીરે :
એનો એકજ રેંટીયો હોજી—સ્વતંત્રતાની૦

સુતર કેરે તાંતણે, સહજે મળે સ્વરાજ;
જેના બળથી હિંદનાં, સુધરે સઘળાં કાજ.

રૂપાળો રઢીઆળોરે:
વહાલો મારો રેંટીયો હોજી—સ્વતંત્રતાની૦

સુદર્શન ચક્કર સમું, સર્વ શક્તિનું પુર;
જેમાં ગૂઢ રીતે ભર્યું, સો સુરજનું નૂર.

એવો પ્રૌઢ પ્રતાપીરે:
વહાલો મારો રેંટીયો હોજી—સ્વતંત્રતાની૦

ઓજન કેરા શિયળની, રક્ષાનો કરનાર;
યોદ્ધાને અવકાશમાં, છે શાન્તિ દેનાર.

એવો અમાપ ગુણિયલરે:
એતો એકજ રેંટીયો હોજી.

સ્વતંત્રતાની સિદ્ધિરે, સ્વદેશ કેરી રિદ્ધિરે;
વહાલો મારો રેંટીયો હોજી.

—સીતારામ શર્મા.

૭૫. આરતી

જય જય માતૃભૂમિ, મા જય જય માતૃભૂમિ;
ગુણ તારા નિત્ય ગાઇ, નમીએ ચરણ ચૂમિ.
જય જય માતૃભૂમિ.

તુજ કિરીટ[1] સ્વરૂપ, નંદનવન રાજે—મા નંદન૦
ભાલ પ્રદેશે તારા, શીખ પ્રજા છાજે.
જય જય માતૃભૂમિ.

ક્ષત્રિય વીરનો વાસ, ઉભરે ઉર ક્ષેત્રે[2]—મા ઉભરે૦
સદૈવ તારે કાજે, પડતા રણક્ષેત્રે.
જય જય માતૃભૂમિ.

તુજ કેશાવલિ રૂપ, હીમગિરિ શોભે—મા હીમગિરિ૦
વિશ્વે અતિ વખણાઇ, જગનાં મન લોભે.
જય જય માતૃભૂમિ.

બંગ અને ગુજરાત, બેલડીએ તપતાં—મા બેલડીએ૦
સાહિત્યે, વિજ્ઞાને, સહુ પહેલાં ધપતાં.
જય જય માતૃભૂમિ.

સિંધ, કચ્છ, સૌરાષ્ટ્ર, સત્વ રૂપ તારાં—મા સત્વ૦
ઉદ્યોગે, વ્યાપારે, સૌન્દર્યે સારાં.
જય જય માતૃભૂમિ.

---

૧ તાજ, ૨ રાજપૂતાના,

મહારાષ્ટ્ર, મદ્રાસ, દૃઢ[3] ઉદયગામી[4]—મા દૃઢ૦
સબળ, શ્રેષ્ઠ બુદ્ધિયુત, સ્થંભ જોડ જામી.
જય જય માતૃભૂમિ૦

હૈયે હાર સ્વરૂપ, ગંગા ને યમુના—મા ગંગા૦
કટી[5] આભૂષણ જેવા, આબુ, વિંધ્ય ભલા.
જય જય માતૃભૂમિ.

અમાપ આર્ણવ નીર[6] તુજ ચરણો ધોતા—મા તુજ૦
શુભ શિરછત્ર સ્વરૂપે, ગિરિરાજ સ્હોતા.
જય જય માતૃભૂમિ.

સુજલાં સુફલાં માત! સુધર્મની ધાત્રી[7]—મા સુધર્મ૦
હતી એ તું એની એ છે જગને ખાત્રી.
જય જય માતૃભૂમિ.

અહી પ્રતિજ્ઞા આજ, તુજ મુક્તિ માટે—મા તુજ૦
સ્વરાજ્ય મંત્રો જપશું, સહુ શિરને સાટે.
જય જય માતૃભૂમિ.

—સીતારામ શર્મા.

---

૩ જોડ, ૪ ઉદય પંથે ગમન કરનાર, ૫ કેડના, ૬ હિન્દી મહાસાગરનાં ૭ ધાત્રી મા.

परिशिष्ट क

૧. ભારતદેશ+

જગમાં સ્વર્ગ અમારો દેશ.
ભારતનું શુભ નામજ લેતાં,
ઉપજે પ્રેમ વિશેષ. જગમાં.

નિર્મળ નીર વહે ગંગાનું,
પીતાં જાય ક્લેશ;
દાતા કર્ણ સમાન થયા,
ગુણ ગાય સદાય સુરેશ. જગમાં.

હિમગઢ ઉપર રક્ષા કરવા,
નિશદિન વસે મહેશ;
દક્ષિણ દિશમાં સ્વર્ગ ભૂમીનું,
રક્ષણ કરે રમેશ. જગમાં.

+ જુઓ પૃષ્ઠ ૩૩.

જગ દુઃખ હરવા જગન્નાથપુરીમાં,
વસતા શ્રી જગદેશ;
પશ્ચિમમાં મનમોહન મૂર્તિ,
નંદ કુંવર ઋષિ કેશ. જગમાં.

જગસુખ માટે પરબ્રહ્મ પ્રગટયા,
જયાં શ્રી અવધેશ;
ૐકાર વર્ણવે શું મહિમા,
પાર ન પામે શેષ. જગમાં.

—ૐકારનાથ.

---

૨. ભારત છે સ્વદેશ

અમારો આ ભારત છે સ્વદેશ.
ત્રિવેણી સંગમ તુર્યા નર્મદ,
ચેતન પૂર્ણ પ્રદેશ. અમારો.

પ્રણવ સ્વરૂપ પ્રેમાર્ણવ જ્યોતિ,
બહુ દિશ છે વરૂણેશ;
હીમાચળ તુર્યા દિશ મધ્યે,
જનની શાન્ત નિર્દેશ. અમારો.

અખંડ અવિચળ અદ્વૈત જ્યોતિ,
નિશાપતિ ને દિનેશ;
માતૃ ઉછંગે તેત્રીશ કોટી,
દેવ રમે હર હમેશ અમારો.

જ્ઞાનાંજનમય નિજરૂપ દર્શન,
ભેદ ન જ્યાં લવલેશ;
હિંદુ મુસલમીન યવન પારૂષિ,
પય પીતા અસુરેશ. અમારો.

રત્ન સમું નિજ હદ રવિકુલ છે,
મણીસમ શશી વંશેશ;
ચિંતામણીસમ બ્રાહ્મણ નિવસીત,
ધન્ય જનુની મમ દેશ. અમારો.

જનની પરાધીન મેહેલે વસીયા,
મેહેરૂ ધર્મ વિશેષ;
અર્થ હસ અરૂ કામ લાલાજી,
મોક્ષ ગાંધી જ્ઞાનેશ. અમારો.

બ્રહ્મીભૂત ટીલક અંતરીક્ષે,
દેતા અમી ઉપદેશ;
ઉત્તિષ્ટત જાગ્રત જન સેવો,
હૃદય ઉન્નતિ શેષ. અમારો.

સર્વે દિશથી સ્વતંત્ર રહેવા,
સ્વમાતૃ સેવક વેષ;
સ્વમાન જાણી સહનશીલતા,
અહિંસામય ઉદ્દેશ. અમારો.

અન્યનતા એ અસહકારને,
જાણો દઢ હૃદગેશ;
પૂર્ણ વિનાયક નિજ સામ્રાજ્યે,
સ્વરાજ્ય એ અવશેષ. અમારો.

—પૂર્ણાનંદ.

૩. મેરા વતન વોહી હય+

બહતી જહાંપે ગંગા યમુનાકી સ્વચ્છ ધારા,
ઋષિયોંને જિસકે તટપર ઇશ્વરકા થા વિચારા;
પૈદા હુએ જહાંપર શંકર સે બ્રહ્મચારી,
વિદ્યા કે બલકે જિસકે માને હૈ સૃષ્ટિ સારી;
મેરા વતન વોહી હય મેરા વતન વોહી હય.

સિયારામજી હો ભક્તિ તુલસીકા હો દૈવી ગાના,
હુએ મુરલી યહીં પર જીન કૃષ્ણ યશ બખાના;
ભારતકી ગોદ ખેલે બડે શૂરવીર ભાઇ,
રણભૂમિમેં જિન્હોંને થી વીરતા દિખાઇ;
મેરા વતન વોહી હય મેરા વતન વોહી હય.

હૈ સત્ય યહ સંદેશા કુછ દુઃખ નહિ રહેંગે,
સબ ભારતીય મિલકર પ્રસન્ન હો કહેંગે;
ભારત વતન હમારા ભારત વતન હમારા,
મેરા વતન વોહી હૈ મેરા વતન વોહી હૈ.

+ જુઓ પૃષ્ઠ ૫૭.

૪. ખાકે હિન્દ+

[૧]

અય હિન્દભૂમિ તારો મહિમા દિગન્ત ગાજે,
રેલી અમોનિધિ કૈં કુદરત તને નવાજે;
તુજ ભાલપટ સનાતન સૌન્દર્ય તેજ રાજે,
જોડી જગે નીરખતાં તારી જડે ન આજે;
પ્રતિ પ્રાતઃ બાલભાનુ તુજ આરતિ ઉતારે,
હિમાદ્રિ કેશ તારા કિરણો થકી સમારે.

[૨]

સંસ્કૃતિ—પૂર અહિંથી ફેલ્યાં દિશાએ ચારે,
ચીન અંબને કિનારે ચેતન અજબ પ્રસારે;
આલમ બધી છવાઇ અજ્ઞાન અંધકારે,
આ ભૂમિ દીપ રહાઈ, દોરે ભૂલ્યાંને દ્વારે;
ઓસે ન સંસ્કૃતિની જોતાં જડે નિશાની,
ત્યારેય હિન્દઆંગણુ રેલી ઉષા યુવાની.

[૩]

પુરાણુ દેવભૂમિ બુદ્ધ ગૌતમે યશાળી,
તજી દેશ સરમદે નિજ અહીં દેહને પ્રજાળી;

+ જુઓ પૃષ્ઠ ૬૪.

પોષી પ્રભાત્વ પ્રીતે કૈં અક્ષરે ઉજાળી,
સિંચી રુધિરે રાણે સુરવાડી આ રસાળી;
આ ભૂમિની સમાધે શરીર સૌ સૂતા છે,
ખંડેર અસ્થિ જેનાં અમ અણુમૂલી મતા છે.

[૪]

ખંડેર જીર્ણ એ કૈં શરકીર્તિ હજી કહે છે,
જેનાં અમારી રગ રગ ઉન્હાં રુધિર વહે છે;
દેવો ચઢી વિમાને હજી એ ધ્વનિ શ્રવે છે,
એ કીર્તિ ઘોષ હજીયે અમ કાનમાં રવે છે;
કાશ્મિર શું ન રાખે કંઈ સ્વર્ગરંગ હજીયે ?
વહતી શું ન પ્રતાપી પુનિત ગંગ હજીયે ?

[૫]

માધુર્ય ને મૃદુતા એનાંએ ફૂલ ફળોમાં,
કરતા કલા કલાપી આજે યે જંગલોમાં;
ઘન વીજના કડાકા એના એ વાદળોમાં,
પણ વ્યાપી રહી શિથિલતા અમ દિલની ચળવળોમાં;
એની એ સંસ્કૃતિ કૈં દેતી પ્રકાશ અમને,
વ્હાલું વતન રહ્યું નહિ, વ્હાલો વિનાશ અમને.

[૬]

વરસોથી વામ વિધિઃ પલટી સ્થિતિ અમારી,
પૂછી પટે ભૂંસાઇ જે જે સ્મૃતિ અમારી;

પૂરી થઇ હજી જરી નહિ ઘન નિન્દ જે અમારી,
શામ રામ કૃષ્ન વિનાની ભૂમિ હિન્દ જે અમારી;

જેનાં પૂજી ખજાના ઉલટા વહી રહ્યા છે,
કમભાગ્ય વારસો કૈં ગાફેલ સૂઇ રહ્યા છે.

[૭]

વિભુ ! દેશપ્રેમજ્યોતિ, હદ થઇ, હવે જગાવો,
ભૂલ્યા બધિર કાનોમાં મંત્ર કંઇ સુણાવો;

ચેતનવિહીન ખોખાંઃ ચેતન અજબ સ્ફુરાવો,
આ ભસ્મરાશિમાંથી ચીણગારી કંઇ ઉડાવો;

વ્હાલું વતન સમાએ, નયનોમાં તાર થઇને,
શિરમાં ખુમારી થઇને, દિલમાં કરાર થઇને.

[૮]

ફૂલબાગ શોખીનોને ફૂલથી લગન મુબારક !
રંગે રસિક જનને રસનાં ઝીલન મુબારક !

બુલબુલને ગુલ મુબારક ! ગુલને ચમન મુબારક !
બેડી વિનાના અમને વ્હાલું વતન મુબારક !

નન્દનવને આ ખીલશે અમ ઉરપ્રફુલ્લ કળીશું !
જે જનની અંક ઝુલ્યા તે અંકમાં ઢળીશું !

[૯]

ભોજન ભૂખ્યાંને: અમને વ્હાલાં છે નૂર વતનનાં,
નયનોની રોશની એ, સુખ સત્ય એ જીવનનાં;
જળહળ ઝગે છે જ્યોતિ રગરગ એ પ્રેમઅગનનાં
વ્હાલા કુસુમસમ છે કાંટા યે આ ચમનના;

છે ચર્ણધૂલિ જેની અમ ભસ્મ–લેપ તનને,
મરીને અરે ! ચહીશું પ્યારા વતન–કફનને.

---

૫. જય સ્વદેશ ! જય સ્વરાજ્ય !*

જય સ્વદેશ !
જય સ્વરાજ્ય !
જય પ્રભુ ! પ્રજા સમાજ !
જય સ્વદેશ ! જય સ્વરાજ્ય !

ઉર્જ્વલ પરમાત્મ રાજ્ય:
સર્વ હિત ભર્યું સામ્રાજ્ય:

---

* જુઓ પૃષ્ઠ ૧૫૮.

સ્વેચ્છાનું સ્વસ્થ રાજ્ય !
જય સ્વદેશ ! જય સ્વરાજ્ય !

અંતરે એકજ અવાજઃ
એક આદેશ એક સાધ્યઃ

જન્મ દેશ ઉચિત તાજ !
જય સ્વદેશ ! જય સ્વરાજ્ય !

દેશ દાઝઃ દેશ કાજઃ
દેશ બંધુતાની લાજઃ

પ્રેરો પ્રભુ દેશ આજ !
જય સ્વદેશ ! જય સ્વરાજ્ય !

જય પ્રભુ ! પ્રજા ! સમાજ :
જય સ્વદેશ ! જય સ્વરાજ્ય :

—લલિત.

6. The Poet and Liberty*

The Poet—" Thy Birthplace—
where, young Liberty ?"
Liberty—" In graves, 'mid heroes' ashes."
The Poet— " Thy Dwelling—where,
sweet Liberty ?"
Liberty—" In hearts, where free
blood dashes."
The Poet—" Thy best hope—where,
dear Liberty ?"
Liberty—" In fast upwinging time."
The Poet—' Thy first strength—
where, proud Liberty ?"
Liberty—" In thine oppressors' crime."
The Poet—" Thy safety-where, stray
Liberty ?"
Liberty—" In lands where discords
cease."

---

* જુઓ પૃ૪ ૯૩.

The Poet—"Thy glory—where,
bright Liberty?"
Liberty—"In Universal peace."

—Ernest Jones.

---

7. The Nation's Task

For Centuries the Nation's
millions slept;
At last they wake, they see,
they cry;—
"Freedom must be saved or Orient's
ancient Nations die."

From cities and hamlets and
hoary hermitages,
From fiery Mussulmans and
mild men of the Aryan Race,
Comes Freedom's cry with new
devotion to India's cause.

It is the cry of Comrades who
forget the feuds of yesterday
And stand together for Faith
and Fatherland.

This cry is the message of
India's long exile;
This cry is the speech of her
sorrows, her nights of pain.
Not ours only, the cry hath come
from the great God-heart;
I hear it in birds and flowers
and trees,
In the Sindhu immortal and
the surge of the Sea;
I read it in the Star that gazes
with golden eye,
And sing it at the Master's feet:—
" Freedom must be saved or
Orient's ancient Nations die."

Freedom's Flag they bore and
lifted high,—

Socrates and Jesus and St.
Joan of Arc,
And Mahomed the Praised,
and Mazzini, Mansur,
And many more–God's Rebels—
in East and West.
With bleeding hearts they bore it
on the world's rough road,
Silent in the midst of lies,
Calm in the midst of tumult,
strong under every strain,
And worshipping the Beautiful
in bitter struggle and pain.

"Tis the Banner of the Immortals!
It calls us through the din and
the dark of to-day;
It calls us to prove our manhood
in the strength of the Pure
and the Meek!
It calls us to a new consecration,
To make life an oblation,
To seek not greatness but the
Service of the Nation,

To adore Allah the Merciful
midst struggle and strife;
So may the people enter into
Freedom and Life.

—T. L. Vasvani.

8. Teach us how to Die

Every wrong that in them smarts,
God, we enter our last fight;
Thou dost see our cause is right;
Make us march now in Thy sight

On to victory.

Let us not Thy wrath deserve
In the sacred cause we serve,
Let us not from danger swerve,

Teach us how to die.

Death for some is in reserve
Before our flag can fly
All the agony of years,
All the horrors, all the fears,
Martyrs' blood, survivers' tears;

Now we offer Thee.

As an endless holocaust
For the freedom we have lost,
God restore it, tho" the cost
Greater still must be,
Let Thy grace attend our host,

Give us victory.

See, we open our own hearts,
Every wrong that in them smarts,
Every secret pain that starts,

We, too, offer Thee.

Every dearest hope's decease,
Every fear that rocks our peace,
Every cross with pain's increase,

Burthened tho" we be;
Sacrifice that shall not cease
Till our land be free.

Thou holdest freedom in Thy hand;
Thou canst liberate our land;
Hear us; yield our one demand–
Ireland's liberty.

We ask not her chains to rive
And the sacred deed survive,
That we may rejoice alive
In her victory.

We but ask that she shall thrive,
And rest our fate with Thee.
We know not what must befall
Marching at our country's call;
Make us strong who must yield all
That she may not die.

Those who will survive the fight,
Still attend them with Thy Light,
Then our hope in darkest night,

Then our guardian be—
And hold our dear land in Thy sight
Erect, firm and free.

—Terence MacSwinney.

परिशिष्ट ख

વર્ષવાર અનુક્રમણિકા

[બાકીનાં ગીતોની તારીખ મળી શકી નથી.]

શુદ્ધિપત્ર

પાનું	કડી	અશુદ્ધ	શુદ્ધ
૩	૪	ધૌત	ધૌત
૧૯	—	૩૧ બેસી, ૩૩ આનંદ,	૩૬ બેસી, ૩૭ આનંદ,
૩૫	૮	બદરગ	બદરંગ
૩૫	૯	સસાર	સંસાર
૩૯	૮	સહન હ	સહન હૈ
૪૨	—	૯ ખડ તું,	૯ ખડકવું
૪૪	૧	માતમ હ;	માતમ હૈ;
૪૬	૩	ધ્યાન મે’	ધ્યાન મેં
૪૬	૧૦	મેહમાન	મેહમાં
૫૩	—	—	૧૬ જેલમ,
૫૩	૩	રામ દે૧૬	રામ દે૧૯
૫૭	—	૬ છેડો,	૬ છેડો,
૫૮	—	નુર	નુહ
૫૯	૨	ગુલસિતાં	ગુલિસતાં
૬૨	૨	મરે	મેરે
૬૬	૧	ઉઠ અ	ઉઠ ઐ
૬૮	૯	રહા હ	રહા હૈ
૧૦૦	૧૩	સાગરતીથ	સાગરતીર્થ
૧૦૫	૧૦	દિશદિશમં	દિશદિશમાં
૧૦૬	૧૨	એ	ઓ

૧૦૬	૧૨		નથી રૂધિર[૩] રેલવવાં કોનાં,
૧૦૬	૧૩	કરવા	કરવાં
૧૧૧	૧૨	શુ	શું
૧૨૦	૭	સ્વૅસ્વ	સર્વસ્વ
૧૩૦		૧૪. જનની સેવન	૧૫. જનની સેવન
૧૩૬	૧૧	કુતુક	કુતુક[૩]
૧૩૯	૭	રહેવું	રહેવું
૧૪૧	—	૧ અંગાશ,	૧ અંગારા,
૧૫૧	૧	જીવતા	જીતવા
૧૫૧	૯	પરસિદ્ધ, નિજ	પરસિદ્ધ, રહ્યો નિજ,
૧૫૨	૧૬	અખડિત	અખંડિત
૧૮૩	છેલ્લી	તથી	નથી
૧૯૧	૧	હનુ ાન	હનુમાન
૧૯૭	૩	ભરતનું	ભારતનું
૧૯૯	૩	ઉંચા	ઉંચાં
૨૦૯	૧૨	અંલબેલડી	અલબેલડી
૨૨૨	૨	પરદશી	પરદેશી
૨૨૭	૧૦	ઇતિહાસમા	ઇતિહાસમાં
૨૨૮		ધનવતરી	ધનવંતરી
૨૨૯	૯	કોકડા	કોકડાં
૨૩૦	૨	ઉઘાડા	ઉઘાડાં
૨૩૪	૫	પ્રોઢ	પ્રૌઢ

અમારાં પુસ્તકો